3-11-96
7-6-97



ચૈતન્યગોળો જ્ઞાનસૂર્ય એકલો જાણનાર જ છે એને રાગાદિનો કોઈ વળગાડ જ નથી....એ પરિપૂર્ણતાથી ખસ્યો જ નથી, એ રાગસ્વરૂપે થયો જ નથી; એ રાગને છોડે છે એમ જે કહેવાય છે તે પણ નામમાત્ર કથન છે.

—*સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

કહાન સં. ૧૬
સં. ૨૦૫૨
૬૨૭ આત્મધર્મ
અંક-૭ વીર સં. ૨૫૨૨
વર્ષ-૫૨ જાન્યુઆરી, ૧૯૯૬

# ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

☞ જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ, રાગાદિ ભાવોના અભાવથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવવા છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી. ૪૪૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૯૬)*

☞ જેમણે પરમાત્મસ્વરૂપને દેખી લીધું છે તેઓ જીવના સ્વરૂપમાં નાના-મોટાપણાનો ભેદ દેખતા નથી, તેઓ સદા સર્વત્ર દોષરહિત પવિત્ર આત્મ-ગુણસામર્થ્યને જ દેખે છે. ૪૪૮. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૨૩)*

☞ મુમુક્ષુએ તત્ત્વમાં ક્યાંય પણ આગ્રહ રાખવો ન જોઈએ કારણ કે જે સમસ્ત આગ્રહોથી—એકાંત અભિનિવેશોથી રહિત છે તે જ નિર્વાણને સાધે છે. ૪૪૯. *(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા-૩૪)*

☞ જો કોઈ જીવો વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળ અનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે. પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.—આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં. ૪૫૦. *(શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૭૨)*

☞ જે ભવ્યજીવ અતિશય વિસ્તૃત જ્ઞાનરૂપ અદ્વિતીય શરીરના ધારક સિદ્ધ પરમાત્માના વિષયમાં જ્ઞાનવાન છે તે જ નિશ્ચયથી સમસ્ત વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. પરંતુ જે સિદ્ધાત્મવિષયક જ્ઞાનથી શૂન્ય રહીને ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોના જાણકાર છે તેમનું અહીં કાંઈ પણ પ્રયોજન નથી કારણ એ કે જે લક્ષ્યના વિષયમાં સંબંધ કરે છે તે જ બાણ કહેવાય છે. ૪૫૧.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક-૨૪)*

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૨
અંક-૭
[૬૨૭]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
January
A.D. 1996

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

## * ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ *

શ્રી સમયસાર ગાથા, ૩૦૮-૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન
[ સળંગ પ્રવચન નં ૪ ]

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જૂઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે-સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

*-પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

### * ક્રમબદ્ધના નિર્ણયમાં સાતતત્ત્વની શ્રદ્ધા *

જીવ અને અજીવની પર્યાય ક્રમબદ્ધ છે એમ કહીને આત્માનો સ્વભાવ જ્ઞાયક છે

એમ સિદ્ધ કર્યું છે. વળી જ્ઞેય પણ ક્રમબદ્ધ છે એમ જાણતાં તેમાં સાતે તત્ત્વોનું જ્ઞાન આવી જાય છે જીવ પોતાના ગુણોપણે પરિણમે છે એવું જ્ઞાન થયું તે વખતે કર્મનો અભાવ આદિ વર્તે છે એવું સ્વ-પરપ્રકાશકજ્ઞાનમાં જણાય છે. જ્ઞાયકભાવ તે જીવ છે. જ્ઞાનના ક્રમને જાણતાં અજીવ પોતામાં નાસ્તિપણે છે એવું જ્ઞાન થઈ જાય છે. શ્રદ્ધા આદિનું નિર્મળ પરિણમન થયું છે તે સંવર-નિર્જરા છે, સાધકને રાગ હજી બાકી છે તે આસ્રવ છે—એમ આસ્રવનું જ્ઞાન થયું. તેમાં અટકેલો પર્યાય બંધ છે—એમ બંધનું જ્ઞાન થયું. અનંતા ગુણો કારણ છે પર્યાય તેનું કાર્ય છે એમ નક્કી કરતાં પરની કર્તાબુદ્ધિ છૂટી ગઈ ને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને સાથે ચારિત્ર અંશે પ્રગટ્યા. સ્વભાવના આશ્રયે આવી જ રીતે પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટશે માટે મોક્ષતત્ત્વની પ્રતીતિ પણ થઈ ગઈ. આમ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ સાતે તત્ત્વોનાં શ્રદ્ધા-જ્ઞાન આવી જાય છે. ''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્'' એનો ભાવ આવી જાય છે. જીવની પર્યાય નિયત છે, અજીવનો પર્યાય નિયત છે—એમ ક્રમબદ્ધના નિર્ણયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જતાં સંવર-નિર્જરા આવી ગયાં. ક્રમબદ્ધનો નિર્ણય કરતાં પોતે પોતાનો કર્તા અને પરનો અકર્તા થયો. એ રીતે તેમાં સાતે તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે.

વળી કોઈ કહે કે જો પર્યાય ક્રમબદ્ધ છે તો પછી મુનિએ નિર્દોષ આહાર લેવો કે ન લેવો? મુનિને આધાકર્મી આહાર ક્રમબદ્ધમાં આવે તો? ભાઈ, મુનિને ક્રમમાં આધાકર્મી આહાર ન જ હોય. તેમની ભૂમિકામાં આધાકર્મી આહાર લેવાનો રાગ ક્રમમાં ન જ હોય. વળી કોઈ કહે કે આહાર તો અજીવ છે તો પછી દોષિત આહારનો ક્રમ શા માટે ફેરવવો? ભાઈ! મુનિને પોતાની ભૂમિકામાં દોષિત આહાર લેવાનો વિકલ્પ જ હોતો નથી. માટે નિમિત્તરૂપે તેમને દોષિત આહાર હોય જ નહિ, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશકસ્વભાવ છે. સ્વને જાણતાં પરને—આહારને જાણી લ્યે છે. આહાર દોષિત હોય પણ પોતાને શંકા ન પડે અને નિર્દોષપણે મુનિ તે આહાર લઈ લ્યે તો દોષનું કારણ નથી, તે તેના ક્રમબદ્ધમાં આવ્યો છે.

### * સમયસારના દરેક અધિકારમાં ક્રમબદ્ધની વાત *

સમયસારના દરેક અધિકારમાં ક્રમબદ્ધની વાત આવી છે. જીવ અધિકારમાં કહ્યું છે કે 'જીવમાં ક્રમરૂપ અને અક્રમરૂપ ભાવો પ્રવર્તે છે.' એમ કહીને તે જ વાત કરી. અજીવ અધિકારમાં કહ્યું છે કે જડના પર્યાયનો આવિર્ભાવ કે તિરોભાવ અનુક્રમે થાય છે. કર્તા-કર્મ અધિકારમાં કહ્યું છે કે સમય સમયના પર્યાયને તે તે દ્રવ્ય પહોંચી વળે છે. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લક્ષણવાળા એક સમયના પરિણામ બતાવીને એ જ વાત કહી.

પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું કે સાધકને જે જાતનો વિકલ્પ હોય તેને જ્ઞાન જાણે છે. આસ્રવ અધિકારમાં કહ્યું કે આસ્રવ જીવના અનન્ય પરિણામ છે. સંવર અધિકારમાં કહ્યું કે રાગ અને ઉપયોગ એક ચીજ નથી. જ્ઞાને જ્ઞાયકને જાણ્યો એટલે રાગને પૃથક્ જાણી લીધો. બંધ અધિકારમાં કહ્યું કે સામેનાં જીવાદિની અવસ્થા તેના પોતાના કારણે થશે, તેમાં તારો અધિકાર નથી. જે સમયે શરીર પડવાનું તે સમયે તે પડવાનું જ. એનો અર્થ એ છે કે સ્વ ચૈતન્યને જાણતાં પોતાનું તથા પરનું આયુષ્ય જ્યારે છૂટવાનું હશે ત્યારે છૂટશે--એવું જ્ઞાન આવી જાય છે. મોક્ષ અધિકારમાં બતાવ્યું છે કે જ્ઞાન કર્તા, જ્ઞાન કર્મ, જ્ઞાન સાધન, જ્ઞાન સંપ્રદાન, જ્ઞાન અપાદાન અને જ્ઞાન આધાર–એમ છ કારકો પોતામાં છે. પહેલાં સમયના કારકો બીજા સમયના કારકો નથી. દરેક સમયના સ્વતંત્ર છે. નિર્જરા અધિકાર ગાથા-૨૧૬માં કહ્યું કે સમય સમયની પર્યાયનો આત્મા જાણનાર છે. સમયે સમયે ઊપજે ને વિણસે તેના ઉપર દૃષ્ટિ નથી પણ ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. આમ બધા અધિકારમાં ક્રમબદ્ધની વાત આવી જાય છે.

## * ક્રમબદ્ધના જ્ઞાનમાં જૈનશાસન *

હવે આ ક્રમબદ્ધપર્યાયના જ્ઞાનમાં જૈનશાસન આવે છે કે નહિ? પંદરમી ગાથામાં કહ્યું છે કે જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ આદિ પણે દેખે છે તે સકલ જિનશાસનને દેખે છે. અહીં પણ એ જ કહ્યું છે. સ્વભાવ-સન્મુખ થતાં રાગ અને નિમિત્તની ઉપેક્ષા થઈ ગઈ અને જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની અપેક્ષા થઈ ગઈ તે જ જિનશાસન છે. જીવ પોતાના અનંત ગુણોના પરિણામે ઊપજતો થકો તેનું કાર્ય પોતામાં છે, પરનું કાર્ય પરમાં છે. પર પદાર્થો અને રાગ ઉપરની દૃષ્ટિ છૂટીને સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ એટલે રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ તૂટી ને સ્વભાવ સાથે એકતા થઈ–આમ જીવ સમ્યગ્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતો જાય છે તે જિનશાસન છે. અધૂરાશ અને રાગાદિ બાકી છે તેને પણ જ્ઞાન જાણી લ્યે છે. તેને વ્યવહાર જિનશાસન કહે છે.

ભગવાન આત્મા પોતાના ક્રમના કાળે, નિયતના કાળે, તેની યોગ્યતાના કાળે પરિણમતો અનંતા ગુણોના અંશરૂપે થતો જીવ છે. પરથી થતો હોય તો અજીવ થઈ જાય છે. નિમિત્તથી થતો નથી પણ સ્વભાવથી થાય છે. પોતાની પર્યાય કોઈ બીજાએ ઉપજાવી હોય તેવો જીવ નથી. જીવ પોતાના ગુણોથી ઊપજતો થકો જીવ જ છે. ભૂમિકાના પ્રમાણમાં થતાં રાગને પણ વ્યવહાર જાણે છે. છઠ્ઠા ગુણસ્થાને જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયરૂપે ઊપજતો થકો જીવ જ છે. તેના પરિણામને આહાર અથવા પરદ્રવ્ય ઉપજાવતા નથી. બીજાના પરિણામથી પોતે ઊપજતો નથી. સંહનન, ચોથો આરો આદિ તેને ઉપજાવતો

નથી. જો સંહનન આદિ ઉપજાવે તો તે જીવ રહેતો નથી.

ક્રમસર સાત વાર અનંત વરસ થયાં ચાલ્યા આવે છે. આવો નિર્ણય એક સેકન્ડમાં કરી શકાય છે. સોમવાર-મંગળવાર એમ ક્રમસર વાર આવે છે. આડા-અવળા આવતા નથી. પર કાળ આવો વર્તે છે—એવું જ્ઞાન સ્વના જ્ઞાનમાં આવી જાય છે. ક્ષાયિકજ્ઞાન એટલે કેવળજ્ઞાન પ્રગટે તે સ્વને જાણતાં લોકાલોકને જાણી લ્યે તેવું તેનું સામર્થ્ય છે.

એક સાંકળમાં મકોડા આડા-અવળા ન હોય, મોતીના હારમાં કોઈપણ મોતી આડું-અવળું ન હોય. જો આડું-અવળું થાય તો હાર, મોતી અને દોરો એક ન રહે, તેમ દ્રવ્ય હાર સમાન છે, ગુણ દોરે સમાન છે, અને પર્યાય મોતી સમાન છે. એક પણ પર્યાય આડી-અવળી માને તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે રહેતાં નથી.

આમ ક્રમબદ્ધનો નિર્ણય કરનારને મોક્ષમાર્ગ થઈ ગયો ને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું. જીવના પોતાના ગુણોના પરિણામોમાં બીજો જીવ કે અજીવ ફેરફાર કરી શકે નહિ. માટે તે અજીવ નથી. આમાં સ્યાત્ અસ્તિ-નાસ્તિ આદિ સાત ભંગ આવી જાય છે માટે ચૈતન્ય ધારાવાહીપણે પરિણમે છે તેવો નિર્ણય કરવો જોઈએ અને તે જ ધર્મ છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારે કથન આવે. રાગના કાળે રાગ થાય, સ્વને જાણતું જ્ઞાન રાગને તે વખતે જાણી લ્યે એવો તેનો સ્વકાળ છે, અને તે વખતે નિમિત્ત નિમિત્તના ક્રમ મુજબ ત્યાં હોય છે. ભગવાન આત્મા ક્રમબદ્ધરૂપે ઊપજતો પોતામાં અભેદરૂપે પરિણમતો જીવ છે. બીજા જીવો કે પદાર્થો તેમાં ફેરફાર કરે તેવી તેની તાકાત નથી.

અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે. શરીર, મન, વાણી, માનસ્તંભ, આહાર-પાણી આદિના પર્યાયો ક્રમબદ્ધ છે, તે પોતાના કારણે થાય છે. જીવને કારણે અજીવમાં ફેરફાર થાય છે—એમ નથી. અજીવનું સાચું જ્ઞાન ન કરે તો પોતાનું જ્ઞાન ભ્રાંતિમાં ભ્રમણ કરે છે. અજીવમાં પુદ્ગલો ધર્મ-અધર્મ, આકાશ ને કાળ એમ પાંચે લેવા. આંગળી આંગળીના કારણે ઊંચી થાય છે. ''મોરપીંછ હાથ વિના ઊંચી કરી દ્યો''—એમ અજ્ઞાની કહે છે. ભાઈ! તે તેના કાળ ક્રમે ઊંચી થાય છે. હાથને લીધે ઊંચી થાય એમ માને તો જ્ઞાનમાં અસત્યતા આવે છે. પદાર્થ જેમ છે તેમ જાણે તે સાચું જ્ઞાન છે. પદાર્થનું જેવું સ્વરૂપ છે તેનાથી વિપરીત જાણે તો જ્ઞાન સત્ય રહેતું નથી.

પ્રતિષ્ઠા-પાઠ કે જે જયસેન આચાર્યે બનાવેલ છે તેમાં લખાણ આવે છે કે આવા આકારવાળી પ્રતિમા બનાવવી. માટી આમ ખોદવી—વગેરે; તો શું જડની પર્યાય આત્મા કરી શકતો હશે? ના, જીવ જો અજીવની પર્યાય કરે તો અજીવ રહેતું નથી. અજીવના

ગુણ-પર્યાય તે અજીવનો ભાવ છે, તેને જીવ કરે એમ માનનાર જીવના જ્ઞાનમાં ભ્રમણા રહે છે. અજીવના પરિણામ જીવે બનાવ્યા અને જીવના પરિણામ અજીવે કર્યા એમ માનનાર વસ્તુસ્થિતિનો સંહાર કરનાર મિથ્યાદૃષ્ટિ છે. અજીવ પરમાણુમાં અનંત ગુણો છે. તેના ગુણ-પર્યાયરૂપે થતો અજીવ છે. બીજો જીવ તેમાં ફેરફાર કરે તો તે અજીવ રહેતું નથી. વળી શાસ્ત્રમાં લખાણ આવે કે મુનિઓએ સાડા ત્રણ હાથ જોઈને ચાલવું, વિચારીને બોલવું, વસ્તુ લેતાં-મુકતાં ઉપયોગ રાખવો—વગેરે લખાણ આવે, પણ તે બધા પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ છે. મુનિને લીધે તે થતી નથી. તેમ જ તે અવસ્થા થવાની છે માટે મુનિને વિકલ્પ આવે છે એમ પણ નથી. દરેક દ્રવ્યની વ્યંજનપર્યાય અને અર્થપર્યાય તેના કારણે થાય છે. જડ જડેશ્વર છે. તેની અનંતી પર્યાયોમાં ફેરફાર કરવાની તાકાત ત્રણલોક–ત્રણકાળમાં બીજાની નથી, નહીંતર અજીવ અજીવ રહેતું નથી. શરીરની અવસ્થા આત્મા ફેરવી શકતો નથી. આત્મા સ્વકાળે સ્વયં પ્રકાશિત ચીજને પ્રકાશી રહ્યો છે. અજ્ઞાની મફતનો માને છે કે મેં પરનું કર્યું અને પરે મારું કર્યું. તે બે દ્રવ્યોને એકપણે માનતો હોવાથી દ્રવ્યને યથાર્થ જાણતો નથી.

વળી કોઈ કહે કે ''ભૂંડણીનું બચ્ચું જ ભૂંડણીમાંથી દૂધ કાઢી શકે છે. બીજો કોઈ કાઢી શકે નહિ. જુઓ! નિમિત્તમાં કેટલી તાકાત છે?'' તેને કહે છે કે ભાઈ! દૂધના પરમાણુ તેના સ્વકાળે પરિણમે છે, બચ્ચું દૂધને કાઢી શકે તે વાત ખોટી છે. ભાવવાન અજીવ છે, તેના ગુણપર્યાય તે તેનો ભાવ છે, તે ભાવનું ભવન અથવા થવું અજીવથી છે, તેનું ભવન બીજો કરી શકે નહિ. એક પરમાણુના ભવનમાં બીજો પરમાણુ આવી શકે નહિ ને તેનું કાંઈ કરી શકે નહિ, અજ્ઞાનીને યથાર્થ વસ્તુસ્થિતિ ભાસતી નથી. અજીવ અજીવ જ છે જીવ નથી. જીવે કાંઈ પણ અજીવનું કર્યું નથી. જીવે રાગ કર્યો માટે કર્મ બંધાણાં ને? ના. કોઈ કહે કે 'રાગ વિના' કર્મ બંધાય એવો દાખલો બતાવો! ભાઈ! કર્મ સ્વતંત્ર છે, તે તેના પોતાના કારણે બંધાય છે. પોતે સાધક છે, તેથી રાગને અને કર્મને જેમ છે તેમ જાણે છે—એવો 'રાગ વિના'નો અર્થ છે. રાગ ન હોય તો કર્મ ન પરિણમે—એ વાત છે જ નહિ, કેમકે એમ માનતાં રાગ કારણ અને દ્રવ્યકર્મ તેનું કાર્ય થઈ જાય. તારા જ્ઞાનના ક્રમમાં જડનો ક્રમ જેમ છે તેમ જાણ. તેમાં ફેરફાર કરવો નથી. ''જો અજીવનું કાંઈ ન થાય તો દવા શા માટે લેવામાં આવે છે? રંધાવાનું હશે ત્યારે રંધાશે, શા માટે રાંધો છો?'' એમ કોઈ પૂછે તો તેનું સમાધાન :—ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને રાગ હોય છે ત્યાં સુધી તે પ્રકારનો રાગ ક્રમમાં આવે છે. બહારનું તો થવાનું હોય તે જ થાય છે, કોઈની પર્યાયમાં અન્ય કોઈનો પ્રવેશ નથી.

છ વીતરાગી મુનિ એક ગુફામાં બેઠા છે. તે જેમ કોઈ કોઈને પૂછતાં નથી તેમ

ચૌદ બ્રહ્માંડમાં છએ દ્રવ્યો પોત પોતાના કારણે પરિણમે છે. હળદર અને સોડા ભેગા થતાં બંનેનો રંગ લાલ થાય છે, છતાં ત્યાં પણ એક પરમાણુ બીજાને અડતો નથી. અજ્ઞાની સંયોગને જુએ છે. તે સ્વભાવને જોતો નથી. દરેક દ્રવ્ય અંશી રહીને અંશરૂપે સમયે સમયે થાય છે. ગુણ-પર્યાયરૂપે થવું તે તેનો ભાવ છે. મારાથી અજીવનું કાર્ય થાય—એમ માનતાં પોતે જીવ રહેતો નથી અને પરપદાર્થ અજીવ રહેતો નથી. આમ માનનાર જીવ-અજીવની શ્રદ્ધા રહેતી નથી અને વિરીત શ્રદ્ધા કરનાર ચાર ગતિમાં રખડે છે. મજબૂત સંહનન હોય, મહાવિદેહ ક્ષેત્ર હોય અને ચોથો કાળ હોય તો કેવળજ્ઞાન થાય. માટે નિમિત્તનું બળવાનપણું છે એમ અજ્ઞાની માને છે, પણ તે સંયોગો જો જીવના પરિણામ કરે તો જીવ રહેતો નથી. પોતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે—તેમ નહિ માનતાં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિણામ માને તો જીવ પોતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી રહેતો નથી. અજીવ પોતાના વ્યંજનપર્યાય અને અર્થપર્યાયોરૂપે સ્વકાળે પરિણમે છે. અજીવની પર્યાય બીજો કરે તો અજીવનો સ્વકાળ રહેતો નથી. દરેક પદાર્થ પોતાથી છે, જો પરથી હોય તો પોતે રહેતો નથી. શરીર, મકાન, દુકાન, વગેરેનો પર્યાય સ્વકાળે થવાનો હોય તે થાય છે. જો જીવ તેની પર્યાય કરે તો તેનો સ્વકાળ રહેતો નથી, અજીવનો સ્વકાળ ક્રમબદ્ધ છે, તેને બીજો બનાવે તો પોતે પોતાથી નહિ રહેતાં, પરથી છે—એમ થઈ જાય. આ કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાની વાત છે.—આ કેવળજ્ઞાનનો કક્કો છે.

હવે આ વાત સમજાવવા માટે દૃષ્ટાંત આપે છે. જેમ સોનું પોતાના કાળે કુંડળરૂપે ઊપજે છે, કુંડળ સોના સાથે એકમેક છે, સોની સાથે તેનું તાદાત્મ્ય નથી. સોની સાથે સંયોગ-સંબંધ છે. સોનીને લીધે કુંડળ થતું નથી. હથોડી પોતાના પરિણામરૂપે ઊપજતી પોતાની સાથે તદ્રૂપ છે, હથોડી સોના સાથે એકરૂપ નથી. બંગડીરૂપે સોનું ઊપજે છે. સોની કે એરણ બંગડીરૂપે ઊપજતાં નથી. સોનું બંગડીના પરિણામ સાથે તાદાત્મ્ય સંબંધે છે. લોટ પોતાના પરિણામથી રોટલીપણે ઊપજે છે, રોટલી લોટ સાથે તદ્‌રૂપ છે. દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભિન્ન છે. આ ભેદજ્ઞાનની વાત છે. મોક્ષમાર્ગ, જૈનશાસન, પરના અકર્તાપણાની વાત આમાં આવી જાય છે. સોનું દ્રવ્ય છે, કંકણ આદિ તેની પર્યાય છે. સોનું કંકણ સાથે એકરૂપ છે. તેની પર્યાય સ્વકાળે થઈ છે. તેના ગુણનો ભાવ પર્યાયરૂપે પરિણમ્યો છે. તેની સાથે દ્રવ્ય અને ગુણ એકમેક છે. સોનું સોની કે હથોડી સાથે તાદાત્મરૂપે નથી. જો હથોડી સાથે તેનું તાદાત્મ્ય હોય તો હથોડી પડી રહે છે અને કંકણ જુદું રહે છે. આ ટેબલ છે, તે સુથારની સાથે તાદાત્મ્યરૂપે નથી. જો તે સુથારની સાથે તદ્‌રૂપ હોય તો સુથાર જુદો પડતાં ટેબલ તૂટી જવું જોઈએ. મકાન પોતાના પરિણામથી તદ્‌રૂપ છે. જો કડિયાના પરિણામથી મકાન તદ્‌રૂપ હોય તો કડિયો ખસી જતાં મકાન પડી જવું જોઈએ

પણ એમ બનતું નથી. ટાંકણેથી અક્ષર લખાય છે, ત્યાં અક્ષરની પર્યાય તેના કારણે થાય છે. તપેલું અક્ષરની પર્યાય સાથે તદ્દરૂપ છે, ટાંકણા સાથે કે વેપારી સાથે તદ્દરૂપ નથી. ટાંકણાથી અક્ષર થયા નથી. જે જેની સાથે તદ્દરૂપ હોય તે તેનો કર્તા છે ને પર્યાય તેનું કાર્ય છે, બીજા સાથે કર્તા-કર્મ સંબંધ નથી. પરમાણુના પરિણામ પોતાના કારણે થાય છે ત્યાં જીવ એકક્ષેત્રે ઊભો છે—માટે જીવથી તે પરિણામ થયા તે વાત છે જ નહિ. જે જેની સાથે તદ્દરૂપ હોય તે તેનો કર્તા હોય, બીજો કર્તા ન હોય. [ક્રમશઃ]

* * *

## * આહાહા! ગજબ વાત કરી છે *

❀ પ્રવચનસારની ગાથા ૮૦મા અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે તેમ કહ્યું ને સમયસાર ગાથા ૧મા કહ્યું કે જે અનંત સિદ્ધોને—સર્વજ્ઞોને પોતામાં સ્થાપે છે તે પોતાના આત્માને જાણે છે અને તે શ્રુતકેવળી થશે એટલે કે સમ્યગ્દૃષ્ટિ થશે ને પછી કેવળી થશે એમ કહ્યું. આહાહા! ગજબ વાત કરી છે. જેણે એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધોને– સર્વજ્ઞોને સ્થાપ્યા છે, જાણ્યા છે, આદર કર્યો છે, એનું લક્ષ રાગમાંથી ખસીને જ્ઞાનસ્વભાવની સન્મુખ જ જાય છે એવા શ્રોતાના આત્મામાં અનંતા સિદ્ધોને સ્થાપું છું એમ કહ્યું છે. જે શ્રોતા પોતે અનંતા સિદ્ધોને પોતામાં સ્થાપે છે એને ગુરુ સ્થાપે છે તેમ કહેવાય છે. આહાહા! જેણે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે તેણે પોતાને રાગથી ને સંસારથી ઉપાડી લીધો છે. જે પર્યાય અનંતા સિદ્ધોને પી ગઈ—જાણી લીધા એ પર્યાય દ્રવ્યને જાણવાને કામ કેમ ન કરે? જે પર્યાય અનંતા સિદ્ધોને સ્થાપે છે—જાણે છે તે પર્યાય દ્રવ્યમાં ઢળી જ જાય છે ને પોતાના દ્રવ્યને જાણે જ છે ને સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય જ છે. આહાહા! જેણે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે, જાણ્યા છે એ તે કાંઈ સાધારણ વાત છે! જેણે અનંતા સિદ્ધોની સ્થાપના કરી એના શ્રદ્ધા–જ્ઞાન દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે ને તે સિદ્ધ થયા વિના રહે નહિ એવા શ્રોતાને શ્રોતા તરીકે લીધા છે. ભાઈ! તારો આત્મા તારી પર્યાયની સમીપમાં જ છે, તેને તું જો! તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કર તો તને તારી પર્યાયની તાકાત કેટલી છે તે ખબર પડે! જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટિ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે. — *ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# પોતાનો આત્મા જ તીર્થ છે, તેમાં રમણ કર!

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૬૩)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેના પ્રથમ અધિકારની ૯૫મી ગાથા છે.

શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે નિશ્ચયનયથી વીતરાગભાવરૂપ પરિણત થયેલો શુદ્ધાત્મા જ નિશ્ચયતીર્થ, નિશ્ચયદેવ અને નિશ્ચયગુરુ છે.

अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि ।
अण्णु जि देउ म चिंति तुहुं अप्पा विमलु मुएवि ॥६५॥

જુઓ! અહીં અસ્તિ-નાસ્તિથી કથન છે.

હે જીવ! તું બીજા તીર્થોમાં ન જા. બીજા એટલે વ્યવહાર તીર્થોમાં ન જા, વ્યવહાર ગુરુની સેવના ન કર અને વ્યવહાર દેવનું ધ્યાન ન કર. રાગાદિ મળ રહિત આત્મા સિવાય બીજું કોઈ તીર્થ નથી, કોઈ દેવ નથી અને કોઈ ગુરુ નથી. પોતાનો શુદ્ધાત્મા જ તીર્થ છે તેમાં રમણ કર, આત્મા જ ગુરુ છે તેની સેવા કર અને આત્મા જ દેવ છે તેનું આરાધન કર. નિર્વિકલ્પ શાંતિ અને સમાધિભાવે પરિણમેલો નિજશુદ્ધાત્મા જ તીર્થ છે, દેવ છે અને ગુરુ છે—એવા જીવને વ્યવહારે દેવ, ગુરુ અને તીર્થનું સેવન હોય છે પણ નિશ્ચયથી તેનો નિષેધ છે એમ કહેવું છે.

સર્વજ્ઞદેવ કહે છે કે તું મને ન ધ્યાવ! સર્વજ્ઞ વીતરાગ દેવાધિદેવ કહે છે કે હે જીવ! તું મને ન સેવ. કારણ કે તારા પરમાત્મસ્વભાવની સેવનામાં જ બધું રહેલું છે. સાચા દેવ, ગુરુની સેવાનો રાગ હોય છે પણ તેમાં વિકલ્પ ઊઠે છે માટે નિશ્ચયથી તે સેવવાલાયક નથી—એમ મૂળ વાતને સિદ્ધ કરીને પછી વ્યવહાર સિદ્ધ કરશે.

વસ્તુનું સ્વરૂપ જ એવું છે તેથી સર્વજ્ઞની વાણીમાં પણ એમ આવે છે કે મારી સામે જોવાથી તારી સેવા નહિ થાય. તારો આત્મા જ નિશ્ચયતીર્થ છે તેમાં રમણ કર! આત્મા સિવાય બહારમાં કોઈ તીર્થ નથી, કોઈ દેવ નથી કે કોઈ ગુરુ નથી. વીતરાગભાવે પરિણમેલો તારો આત્મા જ તીર્થ છે, ગુરુ છે અને દેવ છે. પહેલાં પરમાર્થ નક્કી કરીને પછી વ્યવહાર કહેશે.

વિજ્ઞાનઘન સ્વભાવે પરિણમેલો તારો શુદ્ધાત્મા જ ખરેખર તીર્થ છે, શુદ્ધાત્મા જ દેવ છે અને શુદ્ધાત્મા જ ગુરુ છે તેનું સેવન કર. સ્વાશ્રયમાં જ તીર્થપણું, દેવપણું

અને ગુરુપણું છે. પરાશ્રયમાં તો વિકલ્પ છે તે માત્ર વ્યવહાર છે ખરો પણ તે સેવવા યોગ્ય નથી. બીજી રીતે વ્યવહારને સાધક કહેશે પણ એ બંધનું કારણ છે. સાધ્ય તો એક શુદ્ધાત્મા છે.

પૂર્ણ અતીન્દ્રિય આનંદનું પરિણમન તે સાધ્ય છે, તેનો સાધક કોણ છે?—કે વીતરાગ પરિણતિએ પરિણમેલો આત્મા તે સાધક છે, શુભ વિકલ્પ છે તે વ્યવહાર-સાધક છે, તેનું જ્ઞાન કરાવ્યું છે પણ તે ઉપાદેય નથી. નિશ્ચયથી તેની સેવાનો નિષેધ કર્યો છે. અતીન્દ્રિય આનંદમય શુદ્ધાત્માને સાધતાં સ્વ-પરનું જ્ઞાન થાય છે તેમાં વ્યવહારનું જ્ઞાન આવી જાય છે પણ નિશ્ચયથી તે સેવવા લાયક નથી, માત્ર જાણવાલાયક છે.

સ્વરૂપનું શુદ્ધ પરિણમન તે જ નિશ્ચય આવશ્યક છે. દેવપૂજા, ગુરુ-ઉપાસના આદિ ષટ્કર્મ કહ્યાં છે તે વ્યવહારથી કહ્યાં છે, ઉપચારથી તેને વ્યવહારે આવશ્યક કહેવાય છે. નિશ્ચયની સાથે આ પ્રકારના વિકલ્પો જરૂર આવે જ છે એ અપેક્ષાએ તેને છ આવશ્યક કહ્યાં છે. પણ તેનો અર્થ એ નથી કે તેનાથી જ આત્માના સાધ્યની સિદ્ધિ થઈ જશે.

ભાઈ! આ તો પરમાત્મસ્વભાવના અંદરના ખેલ છે, તે પરના અવલંબનથી પૂરા થાય તેવા નથી. પોતાનું જ નિર્વિકલ્પ શાંતિ અને સમાધિનું પરિણમન થાય તે નિશ્ચય દેવ અને ગુરુ છે. જુઓ! કહે છે કે પોતાનો આત્મા જ તીર્થ છે તેમાં રમણ કર! મહાન અતીન્દ્રિય આનંદનું ધામ વર્તમાનમાં જ છે તેનો પ્રગટ અતીન્દ્રિય આનંદ લેવા માટે તેનું આરાધન કર! તેમાં રમણ કર! આત્મા જ ગુરુ છે તેની સેવા કર અને આત્મા જ દેવ છે તેનું આરાધન કર! ત્રણેયમાં જુદાં જુદાં શબ્દ વાપર્યા છે. રમણ કર, સેવા કર અને આરાધન કર. જુદી જુદી અપેક્ષાથી એમ કથન કર્યું છે. મૂળ પાઠમાં જ ....मा गच्छ....मा सेव....मा चिन्तय.....એવા ત્રણ શબ્દ વાપર્યા છે કે અન્ય તીર્થમાં ન જા, અન્ય ગુરુને ન સેવ અને અન્ય દેવની આરાધના ન કર. તેમાંથી અર્થ કાઢીને એક નિજાત્માને જ સેવ, તેમાં જ રમણ કર અને તેનું આરાધન કર એમ ઉપદેશ્યું છે.

ભાવાર્થ :–જો કે વ્યવહારથી મોક્ષના સ્થાનક સમ્મેદશિખર આદિ તીર્થસ્થાનો અને જિનમંદિર, જિનપ્રતિમા આદિ તીર્થ છે કારણ કે ત્યાંથી ગયેલા મહાપુરુષોના ગુણોની યાદ આવે છે તોપણ સંસારથી તારવામાં સમર્થ જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ નિજ આત્મતત્ત્વ છે તે નિશ્ચયથી તીર્થ છે.

અહીં વ્યવહારનયથી જેને સાધન કહ્યું છે તે નિશ્ચયની સાથેના વ્યવહારથી સાધન

કહ્યું છે. તે બહિરંગ સહકારી કારણ છે, નિમિત્ત તરીકે તેને સાધક કહ્યું છે પણ તે બાધક છે, મોક્ષનો માર્ગ નથી. આત્માના ભાવ વિનાનો વ્યવહાર યથાર્થ નથી. આત્માના ભાનપૂર્વક જે વિકલ્પ આવે તેમાં જ સાચો વિનય, મહિમા, ભક્તિ આદિનો ભાવ હોય છે.

જિનબિંબના દર્શનથી નિધ્ધત અને નિકાચિત કર્મોનો ભૂક્કો થઈ જાય છે એ કથન પણ વ્યવહારનું છે. નિશ્ચયથી તો પોતાના જિનબિંબના દર્શનથી કર્મોનો ભૂક્કો થાય છે.

સમ્મેદશિખર, ગિરનાર, પાવાપુરી આદિ તીર્થોમાં દર્શન કરવા જતાં ત્યાં થઈ ગયેલાં તીર્થંકરો, મુનિવરો આદિ મહાપુરુષોનું સ્મરણ થાય છે એ હેતુથી તેવા સ્થાનોને વ્યવહારથી તીર્થ કહેવાય છે. જુઓ! આમાં સિદ્ધાંત પણ મૂક્યો કે વ્યવહારે પણ તીર્થ કોને કહેવાય કે જે મહાપુરુષોના ગુણોનું સ્મરણ થવામાં નિમિત્ત થાય છે તેને તીર્થ કહેવાય છે. સ્મરણ એ વિકલ્પાત્મક ભાવ છે. ગુણસ્મરણ એ વીતરાગભાવ નથી પણ વિકલ્પ છે. સ્વદ્રવ્યનાં આશ્રયમાં એકાગ્રતા થાય તે વીતરાગભાવ છે એ નિશ્ચયતીર્થ છે.

જીવ એવો પાંગળો થઈ ગયો છે કે બહારમાં કોઈક આધાર દેખાય ત્યાં ચોંટી જ પડે છે.

વ્યવહારનયથી જિનમંદિર, જિનપ્રતિમા, તીર્થસ્થાન આદિ ભગવાનના ગુણોનું સ્મરણ થવામાં નિમિત્ત હોવાથી તીર્થ કહેવાય છે પણ તે વ્યવહાર સાધન છે, ગુણસ્મરણ એ વિકલ્પાત્મક ભાવ હોવાથી બહિરંગ સાધન છે, બંધનું કારણ છે, અનાત્મકભાવ છે, વ્યવહારે સાધન છે. તીર્થોને ગુણસ્મરણના કારણ કહીને વ્યવહાર સિદ્ધ કર્યો છે, વીતરાગતા સિદ્ધ કરી નથી.

ભગવાનના ગુણોનું સ્મરણ થવામાં તીર્થો નિમિત્ત છે એમ કહ્યું છે પણ વીતરાગભાવરૂપ નિર્વિકલ્પ સમાધિમાં તેને નિમિત્ત નથી કહ્યું માટે ગુણસ્મરણ તે વ્યવહાર સાધન છે અને તીર્થો ગુણસ્મરણમાં વ્યવહારે નિમિત્ત છે. તો નિશ્ચય તીર્થ શું છે?—કે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ પુણ્ય-પાપના છેદરહિત જહાજ છે તે જીવને સંસારથી પાર થવા માટેનું નિશ્ચયતીર્થ છે. ચોથા ગુણસ્થાનથી જ એ જહાજમાં બેસીને મુક્તિને કિનારે પહોંચાય છે.

આ, એકલા દ્રવ્યરૂપ શુદ્ધાત્માની વાત નથી, નિર્વિકલ્પ પરિણતએ પરિણતિ જીવની વાત છે. નિર્વિકલ્પ સમાધિના જહાજમાં જે બેસી ગયો છે તેને ભગવાનના ગુણોનું સ્મરણ વ્યવહારે તીર્થરૂપ સાધન બને છે. તેમાં સમ્મેદશિખર આદિ તીર્થસ્થાનો નિમિત્ત છે માટે તેને વ્યવહારે તીર્થ કહેવાય છે.

આ, નિશ્ચય-વ્યવહાર તીર્થની વ્યાખ્યા થઈ. હવે ગુરુની વ્યાખ્યા કહે છે. જેની

ઉપદેશ-પરંપરાથી જીવને પરમાત્મતત્ત્વનો લાભ થાય છે તેને ગુરુ કહેવાય છે. ગુરુ પરમાત્મતત્ત્વનો ઉપદેશ આપે છે કે તું પરમાત્મા છો, તું તારું સેવન કર! તું પોતે જ પરમ આનંદમય તત્ત્વ છો...એવો ગુરુનો ઉપદેશ જીવને પોતાના સ્વરૂપનો વિચાર કરવામાં નિમિત્ત થાય છે માટે એવા ઉપદેશદાતાને વ્યવહારે ગુરુ કહેવાય છે. ઉપદેશ ઉપરાંત દીક્ષા અને શિક્ષા પણ આપે છે. એવા દિગંબર મુનિને જ ગુરુ કહેવાય છે.

ગુરુનો ઉપદેશ એવો છે કે તે સાંભળીને જીવ પોતાના પરમાત્મતત્ત્વનોં વિકલ્પાત્મક નિર્ણય કરે છે અને એ નિર્ણય કર્યા પછી શિષ્ય પોતે પોતાના પરમાત્મતત્ત્વનો અનુભવ કરે છે ત્યારે તે ગુરુને પરમાત્મતત્ત્વના લાભમાં નિમિત્ત કહેવાય છે તોપણ, નિશ્ચયનયથી એટલે યથાર્થ દૃષ્ટિથી જોઈએ તો વિષય-કષાય આદિ સમસ્ત વિભાવ પરિણામોના ત્યાગવાના કાળે નિજશુદ્ધાત્મા જ ગુરુ છે.

વિષય કહેતાં પાંચ ઈન્દ્રિયના વિષયો તરફનું લક્ષ અને કષાય એટલે પુણ્ય-પાપ ભાવ તે બધા પરિણામોનો ત્યાગ કરવાના કાળે પોતાનો આત્મા જ ગુરુ છે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે પરમાત્મતત્ત્વ જ ખડું કરી દીધું છે. નિશ્ચયનયથી એટલે સાચા જ્ઞાનથી સત્‌ને જોઈએ તો આત્મા પોતે જ પરદ્રવ્યોનું લક્ષ છોડી શુભાશુભ સર્વ વિભાવોનો ત્યાગ કરે છે. નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવું જે પરિણમન થયું તે જ નિશ્ચયગુરુ છે. એ નિર્મળ પરિણતિએ જ આત્માને સમજાવ્યો છે માટે એ શુદ્ધ પરિણતિ જ ખરેખર ગુરુ છે અને પોતે સમજે છે માટે પોતે શિષ્ય છે. ગુરુ-શિષ્ય અંતરમાં જ છે. નિશ્ચયમાં ગુરુ અને શિષ્ય એવો ભેદ જ નથી. પોતે જ ગુરુ છે અને પોતે જ શિષ્ય છે.

વસ્તુનું સ્વરૂપ જ આમ છે માટે વસ્તુને વસ્તુપણે રાખો, ફેરવો નહિ. વસ્તુસ્થિતિના કાયદા જેમ છે તેમ રાખો.

યોગસારમાં પણ કહ્યું ને! તીર્થમંદિરમાં દેવ નથી, ત્યાં તો મૂર્તિ કે ચિત્ર છે. નિશ્ચયદેવ તો તનમંદિરમાં બિરાજે છે. તેમાંથી જ બધું મળે તેમ છે. વીતરાગ પરિણતિએ પરિણમતો આત્મા જ સંસારનિવૃત્તિનું કારણ છે. માટે કહ્યું કે વિષય-કષાયાદિ સમસ્ત વિભાવનો નાશ કરવાના કાળે આત્મા જ ગુરુનું કામ કરે છે. ઉદયભાવ તે સંસાર છે અને ઉદયભાવથી નિવૃત્તિ પામવાનું કારણ વીતરાગ પરિણતિની નિર્વિકલ્પ સ્થિરતા તે સંસારથી તરવાનું કારણ છે.

અહા! સાધક હોવા છતાં તેને પણ બંધ છે, ઉદય છે, સંસાર છે અને સંસાર-નિવૃત્તિનો ઉપાય પણ છે. આહાહા....! વીતરાગ પરમાત્માએ કહેલા માર્ગ જેવો કોઈ માર્ગ નથી અને આત્મા જેવો કોઈ પદાર્થ નથી, વીતરાગ જેવો કોઈ દેવ નથી.

ત્રણકાળ ત્રણલોકમાં ઉપર તરતો સારભૂત પદાર્થ એક નિજ આત્મા છે અને તેને કહેનાર વીતરાગી ભગવાન છે. બીજા કોઈ આ વાત કહી શકે તેમ નથી.

એક બાજુ ઉપદેશ કરે અને કહે એમ કે અમારી સામે જોઈશ નહિ, અમારી સેવા કરીશ નહિ. વીતરાગની ધ્વનિ કોઈ ગજબ છે. પ્રભુ! તમે મને સાંભળ! એમ કહો છો અને સામું જોવાની ના કહો છો તો પ્રભુ! આપનું લક્ષ કર્યા વિના મારે સાંભળવું શી રીતે! કે...સાંભળીને એમ સમજ કે તારે તારા અંતરમાં જવાનું છે. અમારી તરફ લક્ષ રાખીને ઊભું રહેવાનું નથી. અમે તો તને વસ્તુની સ્થિતિ જેમ છે તેમ બતાવીએ છીએ. સમજણ તો તારે પોતાને કરવાની છે, એ વગર દિવ્યધ્વનિ સાંભળવામાત્રથી લાભ થવાનો નથી.

દિવ્યધ્વનિ એમ કહે છે કે અમારી સામે જોવાથી તને લાભ નહિ થાય, અમને સાંભળવાના લક્ષે તને લાભ નહિ થાય. જય ધવલમાં બે ગાથા ખાસ મૂકી છે કે આ સાંભળ! સૂણ!.....જે એમ સંભળાવે છે કે તું આત્મામાં જા એવી વાત તું સાભળ, જે તારે કરવાનું છે તે અમારે કહેવાનું છે.

તીર્થ અને ગુરુની વ્યાખ્યા આવી ગઈ હવે દેવની વ્યાખ્યા....પ્રથમ અવસ્થામાં ચિત્તની સ્થિરતા માટે વ્યવહારનયથી જિનપ્રતિમા આદિને દેવ કહેવાય છે. तीर्थंकरपुण्य हेतुभूतं.....એ શબ્દોનો અર્થ અનુવાદમાં રહી ગયો છે તે લઈ લેવો કે તીર્થંકરપ્રકૃત્તિને યોગ્ય પુણ્ય-પરિણામ તે પરંપરા સાધક છે. તીર્થંકરપ્રકૃતિને સાધક કહી નથી પણ તેને યોગ્ય શુભભાવને વ્યવહારથી નિર્વાણનું કારણ કહ્યું છે પણ પુણ્યપ્રકૃતિને પણ પરંપરા કારણ કહી શકાય. આમ જિનપ્રતિમા, તીર્થંકરપ્રકૃતિના હેતુભૂત પરિણામ અને તીર્થંકરપ્રકૃતિ એ બધાં પરંપરા નિર્વાણનું કારણ કહેવાય છે.

નિશ્ચય-વ્યવહારની સંધિ અલૌકિક છે. આ વાત અલૌકિક છે બાપુ! દેવના અર્થમાં બહુ ખૂબીથી વાત આપેલી છે. તીર્થંકરગોત્રને યોગ્ય શુભપરિણામ અને તીર્થંકરપ્રકૃતિને તથા જિનપ્રતિમાને વ્યવહારથી નિર્વાણનું કારણ ગણીને 'દેવ' કહી દીધાં છે. જિનપ્રતિમાને તો 'નવદેવ'માં પણ દેવ તરીકે લીધી છે. આ બધાંને બહિરંગ નિમિત્ત કારણ હોવાથી પરંપરા નિર્વાણના કહ્યાં પણ સીધી રીતે તો તે બંધના જ કારણ છે એ પણ કહી દીધું છે.

સાધકભાવને અહીં બંધભાવ તરીકે સિદ્ધ કર્યો છે. કોઈ જગ્યાએ તેને આત્મા કહ્યો છે, કોઈ જગ્યાએ અનાત્મા તો કોઈ જગ્યાએ બંધના કારણ તરીકે સિદ્ધ કર્યો છે. ખરેખર, વ્યવહારભાવ તે બંધભાવ છે. તીર્થંકરપ્રકૃતિને યોગ્ય પરિણામ બંધનું જ

નિમિત્ત છે પણ વ્યવહારે તેને નિર્વાણનું સાધક કહેવામાં આવે છે. તોપણ નિશ્ચયનયની દૃષ્ટિથી જોઈએ તો, પરમ આરાધવા યોગ્ય વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયે નિજશુદ્ધાત્મભાવ જ દેવ છે, અન્ય કોઈ દેવ નથી.

ઓહોહો! ભારે ટીકા કરી છે! પાઠમાં જે કહ્યું છે એવી જ ટીકા કરી છે. तुहुं अप्पा विमलु मुणेवि । તું આત્માને છોડીને બીજે ન જા! નિર્મળાનંદ ભગવાનને છોડીને બીજે ન જા! આ તો વ્યવહારનો નિષેધ કરે છે! હા, જ્યારે નિશ્ચયમાં રહી ન શકે ત્યારે વ્યવહારભાવમાં રહે છે પણ નિશ્ચયમાં રહી શકાતું હોય તો વ્યવહારમાં જવા જેવું નથી. અહીં તો પાઠમાં જ વ્યવહારનો નિષેધ કર્યો છે કે આત્મા સિવાય અન્ય તીર્થમાં ન જા, એક આત્મા સિવાય બીજા ગુરુને ન સેવ અને આત્મા સિવાય બીજા દેવની આરાધના ન કર! જુદાં જુદાં ત્રણ શબ્દ મૂળમાં જ આપ્યાં છે. પંચમ આરાના મુનિ પંચમ આરાના જીવોને આવી વાત કહી ગયા છે.

અરે! આમાં તો વ્યવહારનો નાશ થઈ જશે......વ્યવહારનો નાશ થશે તો અંદર નિશ્ચયમાં જઈશ. ડરી ન જા, જે કરવાનું છે એ જ થશે. આત્મા કાંઈ જેવો તેવો નથી. આત્માના પેટમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. એક આત્મા અનંત પરમાત્મારૂપે છે. સમજાણું કાંઈ!

ખરેખર તો વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયે પરમ આરાધવા યોગ્ય નિજ શુદ્ધાત્મા જ 'દેવ' છે. અહીં સમય શબ્દ મૂકવાનું કારણ એ છે કે તે સમયે વિકલ્પ છૂટી જાય છે માટે નિર્વિકલ્પ સમાધિના સમયે જ ખરેખર આરાધ્યદેવ કહેવાય છે. પરિણમન વિનાની વાત નથી. નિર્વિકલ્પ શાંતિ અને આનંદના પરિણમનકાળે આ આત્મા દેવ છે.

જ્યારે સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે વીતરાગદેવને આરાધવાનો વિકલ્પ હોય છે, આવે છે પણ તે ખરેખર કર્તવ્ય નથી. ખરેખર કર્તવ્ય તો નિર્વિકલ્પ સમાધિમાં રહેવું તે જ છે. પાપથી બચવા શુભભાવ આવે છે તેની ના નથી પણ અહીં તો નિશ્ચયથી શું ઉપાદેય છે–શું સેવવાયોગ્ય છે તેની વાત છે. તેથી નિશ્ચયથી વ્યવહાર નિષેધ કરવાલાયક છે.

આ આત્મા તો વીતરાગીતત્ત્વ છે. તેને પામવાનો માર્ગ વીતરાગ પરિણતિમાં હોય, રાગની પરિણતિમાં તે માર્ગ નથી.

આ કાળે અહીં સાક્ષાત્ ભગવાન નથી એટલે જિનપ્રતિમાને વ્યવહારે દેવ કહ્યાં છે અને તીર્થંકરગોત્રના પરિણામને નિમિત્ત તરીકે લીધાં છે. વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં

રહી શકતાં નથી એટલે એવા ભાવ હોય છે પણ તે સેવવા લાયક નથી. તીર્થંકરગોત્રને યોગ્ય સોળકારણભાવના તો આસ્રવતત્વ છે, બંધનું કારણ છે, માટે ઉપાદેય નથી.

આ પ્રકારે નિશ્ચય-વ્યવહારનયથી સાધ્ય-સાધકભાવથી તીર્થ, દેવ અને ગુરુનું સ્વરૂપ જાણવું. છ બોલ આવ્યા. નિશ્ચયદેવ, નિશ્ચયગુરુ અને નિશ્ચયતીર્થ તથા વ્યવહારદેવ, વ્યવહારગુરુ અને વ્યવહારતીર્થ તેને જ બીજી ભાષાએ કહીએ તો શુદ્ધ પરિણતિ તે સાધક છે અથવા અંતરંગ કારણ છે અને શુભવિકલ્પ ઊઠે છે તે બહિરંગ કારણ અથવા સાધન છે. આ સ્વરૂપ જેમ છે તેમ જાણવું જોઈએ. જે નિશ્ચયથી અનાત્મા છે, બહિરંગ કારણ છે, બંધનું કારણ છે, વ્યવહાર છે તેને જ વ્યવહારથી મોક્ષનું સાધક કહેવામાં આવે છે એમ સમજવું.

વસ્તુસ્વરૂપ જ આવું છે. તેમાં વાદવિવાદ કરે તે અંધા છે. નિશ્ચયદેવ, નિશ્ચયગુરુ અને નિશ્ચયતીર્થ નિજ આત્મા જ છે. તે જ સાધવાયોગ્ય છે. શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાથી ભગવાન આત્મા જ સેવવા લાયક છે. વ્યવહારદેવ જિનેન્દ્રદેવ તથા તેમની પ્રતિમા, વ્યવહારગુરુ મહા મુનિરાજ અને વ્યવહારતીર્થ સમ્મેદશિખર આદિ તે બધાં નિશ્ચયના નિમિત્તરૂપ અથવા વ્યવહારરૂપ સાધક છે. માટે પ્રથમ અવસ્થામાં તે આરાધવાયોગ્ય છે.

આમાં પ્રથમ અવસ્થા એટલે કઈ અવસ્થા?—કે વીતરાગતા ન થાય ત્યાં સુધીની અવસ્થાને પ્રથમ અવસ્થા કહી છે. વીતરાગતા થાય ત્યારે વ્યવહાર સેવવા લાયક નથી તે પહેલાની રાગની અવસ્થામાં તે હોય છે.

નિશ્ચયનયથી આ તીર્થક્ષેત્ર, જિનેન્દ્રદેવ, ગુરુ આદિ પરપદાર્થ હોવાથી તેનાથી સાક્ષાત્ સિદ્ધિ નથી, પરંપરા છે. જે નિમિત્ત હોય તેને પરંપરા કારણ કહેવાય છે કારણ કે તે શુભભાવનો અભાવ થઈને પછી વિશેષ વીતરાગતા થાય છે.

અહીં શ્રી પરમાત્મપ્રકાશ અધ્યાત્મ ગ્રંથમાં નિશ્ચયદેવ, ગુરુ અને તીર્થ પોતાનો આત્મા જ છે, તેનું આરાધન કરીને અનંતા સિદ્ધ થયા છે અને અનંતા સિદ્ધ થશે એમ સારાંશ છે. આ તાત્પર્ય કાઢ્યું છે. લ્યો.....આ એક ગાથા થઈ. [ક્રમશઃ]

વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિની આરાધના કરવાના દિવ્ય સંદેશા આપનારા શ્રી સદ્ગુરુ દેવનો જય હો.

* * *

## * દૃષ્ટિ-મોક્ષનું સ્વરૂપ *

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૪૧)

આ શ્રી નાટક સમયસારનો કર્તા-કર્મ-ક્રિયા નામનો અધિકાર છે. તેમાં ૧૦મા શ્લોકનું ૧૧મું પદ્ય છે.

આત્મા કર્તા અને 'કર્મ' તેનું કાર્ય એમ કદી બની શકતું નથી પણ અજ્ઞાનીને આત્મા 'જ્ઞાયક' છે એવું ભાન નહિ હોવાથી અજ્ઞાની પરના કાર્યનો કર્તા પોતાને માને છે. શરીરની ક્રિયા હું કરું છું, હું પરને મદદ કરું છું, પરથી મને લાભ-નુકશાન થાય છે. હું મનુષ્ય છું અથવા હું દેવ, નારકી કે તિર્યંચ છું એમ અનેક પ્રકારે પરમાં અહંકાર અને મમકાર કરીને અજ્ઞાની મિથ્યાત્વભાવને સેવે છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

આ શ્લોકમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે.

महा धीठ दुःखकौ वसीठ परदर्वरूप,
अंधकूप काहूपै निवार्‌यौ नहि गयौ है ।
एसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ
याही अहंबुद्धि लिए नानाभांति भयौ है,
काहू समै काहूकौ मिथ्यात्व अंधकार भेदि,
ममता उछैदि सुद्ध भाव परिनयौ है ।
तिनही विवेक धारि बंधकौ विलास डारि,
आतम सकतिसौं जगत जीत लयौ है ॥११॥

અર્થ :–મિથ્યાત્વભાવ મહા ધીઠો છે–અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્યજનિત છે, અંધારિયા કૂવા સમાન છે. કોઈથી ખસેડી શકાતો નથી.....

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જાણનાર–દેખનાર સ્વભાવ છે તેને ભૂલીને શરીરાદિ સંયોગી ચીજને પોતાની માને છે. હું પરને મદદ કરું છું અને પરદ્રવ્ય મને મદદ કરે છે એવી માન્યતાવાળો મિથ્યાત્વભાવ મહાધીઠ છે. પાંચ મહાવ્રત આદિ ૨૮ મૂળગુણનું પાલન હું કરું છુ.....એમ રાગની અને શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માનતો મિથ્યાત્વભાવ મહા ધીઠ છે.

આત્માની એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ પડી છે એ પણ મિથ્યાત્વભાવ છે. ભગવાન આત્મા તો સિદ્ધસ્વરૂપી ચૈતન્યઘન વિજ્ઞાનઘન અરૂપી છે. એવા પોતાના સ્વરૂપને ભૂલીને, પરદ્રવ્યના કાર્ય હું કરું છું, વિભાવના કાર્ય મારા છે અને વિભાવને જાણનારો વર્તમાન જ્ઞાનનો પર્યાય છે એવડો જ હું આખો આત્મા છું એવો મિથ્યાદૃષ્ટિનો મિથ્યા અહંકાર મહા દુઃખરૂપ છે.

મિથ્યાત્વભાવ અંધારિયા કૂવા જેવો છે. ચૈતન્ય જ્ઞાનજ્યોતિને ભૂલીને પરનો કર્તા પોતાને માનવો એ મહા મિથ્યાત્વ છે. પરની દયાનો ભાવ હોય એ તો એક વિકલ્પ છે પણ પરની દયા હું કરી શકું છુ, દયા એ જ મારું કર્તવ્ય છે એવો જે મિથ્યાત્વભાવ તે દુઃખનો દૂત છે. મિથ્યાત્વભાવ જીવનો સ્વભાવ નથી માટે તે પરદ્રવ્યસ્વરૂપ છે. પરદ્રવ્ય તો પર છે જ પણ, રાગ-દ્વેષભાવ પણ જીવનો સ્વભાવ નહિ હોવાથી પરદ્રવ્યરૂપ છે. ખરેખર તો એક અંશ છે તે પણ લક્ષ કરવા માટે પરદ્રવ્યસ્વરૂપ છે. અબંધ સ્વરૂપ પ્રભુ તો આનંદઘન છે એવા આત્માની દૃષ્ટિ થાય તો રાગ-દ્વેષ-અજ્ઞાનની દૃષ્ટિ નાશ પામી જાય છે અને દુઃખ દૂર થઈને આનંદની પ્રાપ્તિ થાય છે.

અત્યારે તો આવી વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. સારા કાળમાં આત્માના અનુભવી અને મુનિ તો આત્માના આનંદના ઝૂલે ઝૂલે છે. ક્ષણમાં આત્મામાં લીન થઈ જાય છે. મુનિ સ્થવિરકલ્પી હો કે જિનકલ્પી (એકલ વિહારી) હો બંને પ્રકારના મુનિ નગ્ન હોય છે, જંગલમાં રહેનારા હોય છે અને પોતાના આત્માના આનંદના ઝૂલે ઝૂલનારા હોય છે. બંને નિર્ગ્રંથ હોય છે, માત્ર ફેર એટલો છે કે

'જે મુનિ સંગતિમેં રહે, સ્થવિરકલ્પી સો જાન,
એકાકી જાકી દશા, સો જિનકલ્પી બખાન.'

જિનકલ્પી મુનિ એકલા વિચરે છે અને સ્થવિરકલ્પી મુનિસંઘમાં રહે છે એટલો જ બેમાં ફેર છે. બાકી આમ તો બંને સરખા નિર્ગ્રંથ દિગંબર જંગલવાસી મુનિ છે. એક વસ્ત્રનો ધાગો પણ તેને ન હોય, વસ્ત્ર રાખીને મુનિપણું મનાવે છે તે મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જાય છે.

ભગવાન આત્મા એકલી જ્ઞાનની ક્રિયા કરનારો છે. આત્માને રાગની ક્રિયા કરનારો માને છે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. એવું મિથ્યાત્વ છૂટ્યા વિના સમકિત થતું નથી અને સમકિત થાય પછી વિશેષ આનંદની લહેર આવ્યા વિના અવ્રતીપણું છૂટતું નથી.

एसौ मिथ्याभाव लग्यो जीवकौ अनादिकौ । નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના જીવોને અનાદિથી મિથ્યાત્વભાવ લાગેલો છે. નવમી ગ્રૈવેયક તો જીવ ક્યારે જાય

કે જ્યારે તેણે નગ્ન દિગંબર મુનિપણું પાળ્યું હોય પણ દેહની ક્રિયા હું કરું છું, મહાવ્રતના વિકલ્પ મારા છે અને તેનાથી મને ધર્મ થાય છે એવો મિથ્યાત્વભાવ તેણે છોડ્યો ન હોય. વસ્ત્ર ધારણ કરીને મુનિપણું મનાવે છે એ તો દ્રવ્યલિંગી મુનિ પણ નથી, કુલિંગી છે. એ તો નવમી ગ્રૈવેયક સુધી જઈ શકતો નથી પણ જે દ્રવ્યલિંગી છે, ૨૮ મૂળગુણ બરાબર પાળે છે, તે નવમી ગ્રૈવેયકમાં જાય છે પણ પંચ મહાવ્રતાદિના વિકલ્પમાં જ તેણે ધર્મ માનીને મિથ્યાત્વને જ પુષ્ટ કર્યું છે. વિકલ્પ તો આસ્રવ છે તેમાં ધર્મ માનીને મિથ્યાદર્શનશલ્યને પુષ્ટ કર્યું છે.

याही अहंबुद्धि लिए नानाभांति भयौ है । પોતાના ત્રિકાળ જ્ઞાયકસ્વભાવને ભૂલીને અજ્ઞાનીએ અંશમાં, વિભાવમાં, પરમાં એમ અનેક જગ્યાએ મારાપણું માનીને અનેક અવસ્થાઓ ધારણ કરી છે. હું મનુષ્ય છું, હું દેવ છું, હું પુણ્ય કરવાવાળો છું, હું દયા પાળનારો છું એવા અનેક પ્રકારના મિથ્યાત્વભાવને સેવતો અનેક અવસ્થાને ધારણ કરે છે.

काह समै काहूकौ मिथ्यात अंधकार भेदि, ममता उछेदि सुद्धभाव परिनयौ है। કોઈ સમયે કોઈ જીવ પરમાં, રાગમાં અને એક અંશમાં અહંબુદ્ધિ છોડી દે કે પરદ્રવ્ય તો પર છે હું તેના કાર્યનો કર્તા નથી, રાગ પણ મારું સ્વરૂપ નથી અને એક સમયની પર્યાય તો અંશ છે તેમાં હું આખો આવતો નથી એમ સમજીને, પરદ્રવ્ય આદિમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણામ કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને, બંધના કારણોને દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસાર જીતી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે.

લોકોને હજુ મિથ્યાત્વ અને સમ્યક્ત્વની જ ખબર નથી ત્યાં ચારિત્ર તો દૂર રહી જાય છે. ચારિત્રવંતને તો ગણધદેવ પણ નમસ્કાર કરે છે. 'णमो लोये सव्वसाहूणं'માં ચારિત્રવંત બધાં મુનિરાજને નમસ્કાર આવી જાય છે.

અહીં કહે છે કે જ્યારે કોઈ જીવ પરમાંથી અહંબુદ્ધિ છોડે......અરે! હું પરમાં નથી, પરનું કાર્ય મારું નથી, દયા, દાન, વ્રતનો વિકલ્પ મારો નથી ને સત્‌ચિદાનંદ ધ્રુવ ભગવાન છું. સિદ્ધ ભગવાનની જે પર્યાય છે એવી અનંતી પર્યાયનો હું પિંડ છું. મારા આત્મામાં અપરિમીત–અમર્યાદીત અનંત-અનંત જ્ઞાન-દર્શન, આનંદાદિ શક્તિ પડી છે. શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર એ બધાં પરદ્રવ્ય છે, મારી ચીજ નથી. મારા અંતરમાં પુણ્ય-પાપના વિભાવ ઉત્પન્ન થાય છે એ પણ મારા નહિ, એ તો આસ્રવતત્ત્વ છે, બંધનું કારણ છે, તે હું નથી. મારામાં જ્ઞાનાદિના અલ્પ ઉઘાડવાળી અલ્પજ્ઞપર્યાય છે એટલો પણ હું નથી. હું તો અનંતગુણમયી વસ્તુ છું–એવો જ્યારે અનુભવ કરે છે ત્યારે તેના મિથ્યાત્વ અંધકારનો નાશ થઈને શુદ્ધભાવનો પ્રકાશ થાય છે.

એક જ્ઞાનગુણમાં અનંતી જ્ઞાનગુણની પર્યાય પડી છે, એક શ્રદ્ધાગુણમાં અનં શ્રદ્ધાપર્યાય પડી છે, એક ચારિત્રગુણમાં અનંતી ચારિત્રપર્યાય પડી છે, એક આનંદ ગુણ અનંતો આનંદ પડ્યો છે. એક સમયમાં આવા અનંતગુણનો સ્વામી હું 'આત્મા' એ સમયની પર્યાય જેવડો નથી કે એક ગુણ જેવડો પણ હું નથી.

ममता उछेदि सुद्धभाव परिनयौ है । આમાં ઘણું સમાવી દીધું છે. અનંત ગુણ એક વસ્તુમાં દૃષ્ટિ જવાથી બીજું બધું મમત્વ છૂટી જાય છે. નિમિત્ત હું છું, રાગ હું એક પર્યાય જેવડો હું છું કે એક ગુણરૂપ હું છું એવી બધી મિથ્યાબુદ્ધિનો નાશ થઈ જ છે. પુણ્ય-પાપ વિકલ્પ તો અશુદ્ધભાવ છે. ભગવાન આત્માની દૃષ્ટિ થતાં એ અશુદ્ધભ છૂટીને આત્મામાં શુદ્ધભાવની દશા ઉત્પન્ન થાય છે. આ શુદ્ધભાવની દશા તે ધર્મ છે.

બાપુ! તારા ઘરની આ અલૌકિક વાત છે. અત્યાર સુધી કદી નિજઘરમાં આવ નથી. હવે નિજઘરમાં આવી જા! પરઘરમાં અહંબુદ્ધિ કરીને તો અનેક અવસ્થા ધાર કરી.....પરઘર ફિરત અનેક નામ ધરાયો....હમ તો કબહૂં ન નિજઘર આયે....હું દયા પાળનાર, હું ભક્તિનો કરનાર, હું કુટુંબને પાળનાર, હું દેશસેવા કરનાર—એમ અનેક પ્રકાર મિથ્યાત્વભાવને સેવીને જીવે અનેક પર્યાય ધારણ કરી છે—नानाभांति भयौ है ।

तिनही विवेक धारि बंधकौ विलास डारि, રાગ અને વિકલ્પથી ભિન્ન પડી ત અલ્પજ્ઞપણાનું લક્ષ છોડી પોતાના સ્વરૂપને દૃષ્ટિમાં લઈને જેણે વિવેક નામ ભેદજ્ઞાન ક તેણે બંધનો વિલાસ એટલે બંધના કારણોને દૂર કર્યાં. મિથ્યાત્વ પરિણામ, અવ્રતપરિણા વ્રતના વિકલ્પ, કષાયભાવ, પ્રમાદભાવ....એ બધાં બંધના કારણ છે, તે કોઈ મારા સ્વરૂપ નથી એમ તેનાથી જુદો પડી જાય છે. હું તો અબંધસ્વભાવી છું એવી દૃષ્ટિ અને અનુભ થતાં કોઈ બંધભાવ મારી વસ્તુમાં નથી એવું ભાન સમ્યગ્દૃષ્ટિને થઈ જાય છે.

સમ્યગ્દર્શન થતાં, અબંધસ્વભાવી આત્માનું ભાન થતાં, જીવ મુક્ત થઈ ગ ચારિત્રમાં મુક્તિ બાકી રહી પણ શ્રદ્ધામાં તો અબંધસ્વભાવનો અનુભવ થયો તેણે બંધ વિલાસને દૂર કરી આત્મશક્તિથી જગતને જીતી લીધું છે. વિકલ્પથી માંડીને આ દુનિયાથી હું જુદો, આનંદકંદ આત્મા છું.

આનંદકંદ ભગવાન આત્માનો આશ્રય લઈને—શક્તિનો સહારો લઈને જ્ઞાની જગતને જીતી લીધું છે. વિકલ્પથી માંડીને આખી દુનિયાને જીતી લીધી છે. હું તો જ્ઞ ને આનંદનો કંદ આત્મા છું. જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિના પિંડરૂપ દ્રવ્યદૃષ્ટિ જોર જતાં દ્રવ્યમાંથી આનંદની ધારા વહે છે, તે દુઃખને જીતી લે છે. જુઓ! આ ચો ગુણસ્થાનની વાત છે હો! સાધુની વાત તો શું કહેવી!

માણસ હોના મુશ્કિલ હૈ તો સાધુ કહાંસે હોય!
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.

સાધુએ તો મોક્ષતત્ત્વમાં પ્રવેશ કરી દીધો છે પણ જે સમ્યગ્દષ્ટિ થાય છે તેને પણ પોતાનો અખંડ અભેદ પૂર્ણસ્વભાવી ભગવાન આત્મા અનુભવમાં અને પ્રતીતિમાં આવવા લાગ્યો છે તેથી બંધનો વિલાસ દૂર થવા લાગે છે. હું બંધથી બંધાયેલો નથી, હું તો અબંધસ્વભાવી છું એવી દૃષ્ટિ થઈ ગઈ એટલી મુક્તિ સમ્યગ્દર્શનમાં જ થઈ જાય છે. 'आतम शक्ति' કહીને એક શક્તિ નહિ પણ અનંત શક્તિવંત આખો આત્મા દૃષ્ટિમાં લીધો તેણે આખા જગતને જીતી લીધું. દુનિયાની કોઈ ચીજ તો મારી નથી પણ આ રાગાદિભાવ પણ મારા નહિ એવો વિવેક જાગૃત થઈ ગયો. મિથ્યાત્વનો નાશ થયો, બંધ દૂર થયો અને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થયો, સમકિતની પ્રાપ્તિ થઈ. બંધના જે કોઈ અને જેટલાં વિકલ્પો આવે છે તે હું નથી અને તે મારા નથી, હું તો તેનો જાણવાવાળો છું.

હું તો અનાદિ અનંત અબંધસ્વભાવી છું, બંધ મારામાં છે જ નહિ. બંધને મારો માનવો તે મિથ્યાત્વ છે. અજ્ઞાનીને પોતાનો પ્રભુ કેવડો મોટો છે, કેવો છે તેની ખબર નથી અને ધર્મ કરવો છે પણ ધર્મનો કરનારો ધર્મી કેવડો મોટો છે, કેવો છે તેની ખબર વગર ધર્મ ક્યાંથી થાય! અમે અણુવ્રત પાળીએ છે, મહાવ્રત પાળીએ છીએ....એમાં ધર્મ મનાવે છે તે તો મિથ્યાત્વ પાળે છે, ધર્મને પાળતો નથી. કારણ કે આસ્રવ અને બંધતત્ત્વથી તો આત્મા ભિન્ન છે. આસ્રવ, બંધથી આત્માને સહિત માનવો એ તો મિથ્યાત્વ છે.

આત્મશક્તિ એટલે અનંત શક્તિના પિંડરૂપ આત્માનો સહારો લીધો તેને બંધનો વિલાસ છૂટી જાય છે. અસ્થિરતાનો રાગ છે એટલો બંધ છે તેને જ્ઞાનમાં જાણે છે પણ તેને જ્ઞાની મારો માનતો નથી. હું તો અબંધસ્વભાવી છું, મારામાં બંધ છે જ નહિ એવી દૃષ્ટિ થતાં અબંધમાં રહેલા આનંદનો અનુભવ થયા વગર રહેતો નથી. દુઃખ ટળીને આનંદનું વેદન આવે છે.

આ ૧૦મો કળશ થયો; હવે ૧૧મા કળશનું ૧૨મું પદ્ય કહે છે.

सुद्धभाव चेतन असुद्धभाव चेतन,
दुहूंकौ करतार जीव और नहि मानिये ।
कर्मपिंडकौ विलास वर्न रस गंध फास,
करता दुहूंकौ पुदगल पखानियै ।।

तातैं वरनादि गुन ग्यानावरनादि कर्म,
नाना परकार पुदगलरूप जानिये ।
समल विमल परिनाम जे जे चेतनके,
ते ते सब अलख पुरुष यौं बखानिये ॥१२

અર્થ :—શુદ્ધ ચૈતન્યભાવ અને અશુદ્ધ ચૈતન્યભાવ–બંને ભાવોનો કર્તા જીવ બીજો નથી. દ્રવ્યકર્મના પરિણામ અને વર્ણ, ગંધ, રસ, સ્પશ–એ બંનેનો કર્તા પુદ્ગ છે. એથી વર્ણ, રસાદિ ગુણસહિત શરીર અને જ્ઞાનાવરણાદિ કર્મસ્કંધ–એને અનેક પ્રકાર પુદ્ગલ પર્યાયો જાણવી જોઈએ. આત્માના શુદ્ધ અને અશુદ્ધ જે જે પરિણામ છે તે બ અમૂર્તિક આત્માના છે, એમ પરમેશ્વરે કહ્યું છે.

સમ્યગ્દર્શન સહિત જ્ઞાનભાવનો કર્તા જીવ છે અને અજ્ઞાનદશામાં પુણ્ય-પ રાગાદિ કરે છે તેનો કર્તા પણ જીવ છે. કર્મ કદી જીવના પરિણામને કરતાં નથ શુદ્ધભાવ હો કે અશુદ્ધભાવ હો તે બંને ભાવોનો કર્તા જીવ છે. અજ્ઞાનદશામાં જી અશુદ્ધભાવને કરે છે પણ પરદ્રવ્યના ભાવને તો જીવ કરતો જ નથી. તેથી કર્મ પરિણામને કે ઉપદેશને કે બીજાના લાભ-નુકશાનના પરિણામને જીવ કરી શકતો નથ હું ઉપદેશ દઈને બીજાનું ભલું કરું છું એ તો મિથ્યાત્વ છે. ઉપદેશ આપીને બીજા સુધારી દઉં એમ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

કર્મનો કર્તા આત્મા નથી અને કર્મ આત્માના વિકારનો કર્તા નથી. જીવ અશુદ્ધભાવ થાય છે તે કર્મનો સંગ કરવાથી થાય છે પણ તેનો કર્તા કર્મ નથી, જી પોતે જ અશુદ્ધભાવ કરે છે. અશુદ્ધભાવ થવામાં કર્મનું નિમિત્ત છે પણ કર્તા જીવ પો છે. માટે જ પંચાસ્તિકાયમાં જીવને 'પ્રભુ' કહ્યો છે કેમકે તેને પોતાના વિકારી કે અવિકા પરિણામ કરવામાં કોઈના સહારાની જરૂર નથી. માટે આત્મા પ્રભુ છે. પણ અશુદ્ધભાવ કર્મનું અને શુદ્ધભાવમાં કર્મના અભાવનું નિમિત્ત હોવાથી બંને ભાવને એ અપેક્ષા કર્મજનિત પણ કહેવાય છે પણ વાસ્તવિક દૃષ્ટિએ વિકાર કરવામાં, અવિકારી થવામ જીવ પોતે જ સ્વતંત્રપણે કર્તા છે, તેને બીજા કોઈ સહારાની જરૂર નથી.

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ પણ પોતાની મર્યાદા છોડીને પરમાં તો કાંઈ કરી શક જ નથી. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી બહાર જીવ જઈ શકતો જ નથી. તો બહાર જીવ શું કરી શકે! સામાયિક કરે, પોષા કરે, શ્રાવક-શ્રાવિકા બનાવે, સાધુ-સાધ્વીના ટોળ બનાવે....આ બધું હું કરું છું એમ અજ્ઞાનપણે માને અને મનાવે પણ જીવ પોતાન મર્યાદાથી બહાર નીકળીને પરનું કાંઈ કરતો નથી.

અહા....! દુનિયાથી જુદી જાતની આ વાત છે. દુનિયાને જીતવાનો આ એક જ ઉપાય છે. અજ્ઞાનપણે દુનિયાને જીતી ન શકે. અજ્ઞાનપણે રાગનો અને વિકારનો કર્તા અજ્ઞાની થાય છે પણ પરનું કાર્ય તો અજ્ઞાનપણે પણ જીવ કરી શકતો નથી. દયા, દાન, વ્રત, તપાદિ શુભભાવ છે તે પણ અશુદ્ધભાવ છે, તેને અજ્ઞાની કરે છે પણ જ્ઞાની તો અશુદ્ધભાવને કરતાં નથી. જ્ઞાની તો પોતાના જ્ઞાનભાવના જ કર્તા થાય છે.

પોતાની પર્યાયની મર્યાદા છોડીને પરના કાર્યને કરે એવો કોઈ પણ દ્રવ્યની સત્તાનો સ્વભાવ નથી. કોઈ એવું અભિમાન કરે કે મારી પાસે પૈસા નથી પણ હું ઉપદેશ એવો આપું કે કરોડો રૂપિયાનું દાન ભેગું થઈ જાય. આવું અભિમાન કરનારા મૂઢ છે. જડની ક્રિયાને જીવ કરી શકતો જ નથી. છતાં અમે પગપાળા જાત્રા કરનારા–છ'રી પાળનારા છીએ એમ માને છે તે પોતાના આત્મા ઉપર છરી મૂકતા જાય છે. આત્મા તો 'જ્ઞાતા' છે તેના બદલે જ્ઞાતા નહિ રહેતાં વિકલ્પ કરે છે પણ જડની ક્રિયાને તો આત્મા કરતો જ નથી. આ વાત સોનગઢથી નવી નીકળી છે એમ લોકોને લાગે પણ આ વસ્તુના સ્વરૂપની શાસ્ત્રે કહેલી વાત છે.

સોનગઢનો પંથ નિરાળો છે પણ ઘરનો કાઢેલો પંથ નથી. આ તો સર્વજ્ઞ વીતરાગના ઘરનો નિરાળો પંથ છે.

જીવ જીવના પર્યાયને કરે છે તેમ પુદ્‌ગલ પુદ્‌ગલની પર્યાયને કરે છે. કર્મની અવસ્થાને પુદ્‌ગલ કરે છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થાને પણ પુદ્‌ગલ કરે છે. આ શરીરની બોલવા-ચાલવા આદિની ક્રિયા થાય છે તેને શરીર કરે છે, જીવ કરતો નથી. અજ્ઞાનભાવે પણ આત્મા તેને કરતો નથી. જ્ઞાનાવરણાદિ કર્મની અને શરીરની અનેક અવસ્થાઓને પુદ્‌ગલ કરે છે. આત્મા બિલકુલ પુદ્‌ગલની ક્રિયાને કરતો નથી.

समल विमल परिनाम जे जे चेतनके......સમલ એટલે રાગ-દ્વેષાદિ મલિન પરિણામ અને વિમલ એટલે નિર્મળ પરિણામ તે બંનેનો કર્તા જીવ પોતે છે. સ્વભાવનો આશ્રય લે તો નિર્મળ પરિણામ કરે તે પણ આત્મા કરે છે અને અજ્ઞાની સ્વભાવનો આશ્રય નહિ લેતાં રાગ-દ્વેષ પરિણામને કરે છે તે પણ આત્મા જ કરે છે. તે સિવાય બીજા દ્રવ્યના પરિણામને આત્મા અજ્ઞાનમાં પણ કરતો નથી. આ વસ્તુ-મર્યાદા છે. [ક્રમશઃ]

* * *

# વૈરાગ્ય જનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આજે દશલક્ષણધર્મનો છેલ્લો દિવસ છે. સનાતન જૈન ધર્મની અંદર મુનિના ક્ષમ આદિ દશ ધર્મ છે. આ ધર્મની ઉજવણી ભાદરવા સુદ ૫ થી ૧૪ સુધીના દિવસોમ થાય છે. એવો અનાદિનો નિયમ છે, તેમાં આજે ઉત્તમ બ્રહ્મચર્યનો દિવસ છે. તે ઉત્ત બ્રહ્મચર્ય કોને કહેવાય તે આ સ્વામી કાર્તિકેયાનુયાનુપ્રેક્ષા-ગાથામાં કહ્યું છે કે :–

બ્રહ્મ નામ આત્મા અને ચર્ય નામ લીન થવું–આત્મામાં લીન થવું તેનું ના બ્રહ્મચર્ય છે. પ્રથમ તો આત્મા કોને કહેવો એ જાણ્યા વિના તેમાં લીન થઈ શકે નહિ આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની ગાંઠ છે અને દયા દાન આદિના વિકલ્પો તે વિકાર છે શુદ્ધ આત્માની દૃષ્ટિ પૂર્વક જ ચારિત્ર હોય છે. ચારિત્ર કાંઈ દેહની ક્રિયા કે રાગન ક્રિયામાં નથી. દિગમ્બર ધર્મના આ પર્વના દિવસોમાં તત્ત્વાર્થસૂત્રની વાંચણીની પદ્ધ ચાલી આવે છે પણ તત્ત્વજ્ઞાન ગમે તે સૂત્રમાંથી લ્યો તો તે બધા તત્ત્વાર્થસૂત્ર છે. આત્મ શરીર પ્રમાણે અસંખ્યાત પ્રદેશી છે. તે અનંતગુણ અનંત શક્તિના સ્વભાવવાળો એકલ અમૃતનો ગાંગડો છે, જેમ મીઠાની ગાંગડી ખારથી ભરેલી છે, સાકર મીઠાશથી ભરેલ છે, તેમ આત્મામાં બધે આનંદ જ ભર્યો છે. પર્યાયમાં ભલે વિકાર હોય, પણ સ્વભા શક્તિએ તો તે આનંદકંદ છે. આત્મવસ્તુનું માહાત્મ્ય આવે તો વિકારનો નાશ થયા વિન રહે નહિ. શ્રીમદે કહ્યું છે કે :–

"ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર."

અંતર્મુખ અને બહિર્મુખ બે વાત છે, અંતર્મુખ દશા થતાં મુક્તિ થાય છે અ બહિર્મુખ દશામાં સંસાર પરિભ્રમણ છે. બાકી બીજી બધી વાતો સમજવા જેવી છે. અ તો મુનિના ચારિત્રધર્મની વાત કહે છે. મુનિ કે જેમને છઠ્ઠું–સાતમું ગુણસ્તાન એક દિવસમ હજારોવાર આવે છે અને જે દિગમ્બર નગ્ન સંત હોય છે અને જંગલમાં વિચરતાં હો છે તેમને આ ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

શરીરના રૂંવાટે રૂંવાટે તેમને વૈરાગ્ય હોય છે અને અંતરમાં તેઓ આનંદથી ઝૂલ રહ્યા હોય છે એવા મુનિ સ્ત્રીનો સંગ કરતા નથી. જેને સ્વભાવનો સંગ થયો છે તે સ્ત્રીના સંગનો વિકલ્પ હોતો નથી. પર દ્રવ્યમાં મુખ્યપણું સ્ત્રીનું છે એટલે અહીં સ્વરૂપ–

સંગવાળાને સ્ત્રીના સંગનો ભાવ હોતો નથી એમ કહેલ છે. સ્ત્રીનો જેને પ્રેમ હોય છે તે સ્ત્રીને જ દેખે છે, બીજાને દેખતો નથી, તેમ આત્માની લીનતા છે તેને પરની લીનતા હોતી નથી એટલે આત્માને દેખવાવાળો પરને દેખતો નથી. જેને ચૈતન્યનો પ્રેમ છે એવા મુનિને પરનો પ્રેમ હોતો નથી.

આત્મા અખંડ આનંદસ્વરૂપ, નિર્વિકાર નિવારણ છે એનું રૂપ નિહાળનાર મુનિને સ્ત્રીનું રૂપ નિહાળવાની લાગણી સહજ થતી નથી. મુનિ નામ ધરાવીને કાયા વડે પણ બ્રહ્મચર્ય પાળતા નથી તે લૌકિક સજ્જન પણ નથી. અહીં તો યથાર્થમુનિ કે જેમને પરદ્રવ્યનો રાગ છૂટી ગયો છે અને બ્રહ્માનંદના પ્રેમમાં જેઓ લપેટાઈ ગયા છે તે મુનિને સ્ત્રીનો પ્રેમ થતો નથી. વળી તે સ્ત્રીકથા પણ કરતા નથી, પૈસાનો પ્રેમ હોય તે પૈસાની કથની કરે છે અને સ્ત્રીનો પ્રેમ હોય તે સ્ત્રીની કથની કરે છે. મુનિ આત્માના પ્રેમી છે તેથી તે આત્માની કથની કરે છે, પરની કથની કરતાં નથી. મુનિનું સ્વરૂપ આવું હોય છે એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે, તેને હજી સ્ત્રીનો રાગ છૂટ્યો નથી તેથી વિષયાદિના સંગમાં હોય છે પણ મુનિને તો સ્ત્રીનો સંગ કે કથની હોતાં નથી.

સ્ત્રીનું સ્મરણ પણ મુનિ કરતા નથી. બ્રહ્માનંદ આત્માનો પ્રેમ છે તેથી સ્ત્રીઓના વિષયોને મુનિ યાદ કરતા નથી. જેમ પાંચ લાખની ઉપજ હોવા છતાં વીસ વરસનો એકનો એક દિકરો મરી જાય તો તે વખતે પેદાશ ઉપર તેના પિતાનું લક્ષ હોતું નથી, તેમ આત્માના પ્રેમમાં સ્ત્રી આદિના પ્રેમને મુનિ યાદ કરે નહિ. દેહાતીત, મનાતીત, વચનાતીત અને વિકારની પાર એવા આત્માના ભાનપૂર્વક અંતરમાં લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય છે. આ રીતે દશલક્ષણધર્મ પર્વમાં દશ ધર્મનું વર્ણન થયું. ભાદરવા સુદી પથી ઉત્તમ ક્ષમા ધર્મથી શરૂઆત કરીને ભાદરવા વદ ૧ ક્ષમાવણી દિન ઉજવીને પર્યુષણ પર્વ પૂરો થાય છે. આત્માના ભાન પૂર્વક વીતરાગી પરિણામ થતાં આ ધર્મ પ્રગટે છે. એમાં બધું સમાઈ જાય છે.

હવે ચાલતો અધિકાર બાર પ્રકારના તપનો છે, તેમાં પહેલા અનશન વ્રત કોને કહેવાય તે વાત ચાલે છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૪૩૯ ભાવાર્થ :–

ઇન્દ્રિયોને જીતવી તે ઉપવાસ છે તેથી ભોજન કરતાં હોવા છતાં પણ યતિ પુરુષ ઉપવાસી જ હોય છે, કારણ કે તેઓ ઇન્દ્રિયોને વશ કરી પ્રવર્તે છે. સર્વજ્ઞ ભગવાન ઉપવાસ કોને કહે છે? કે ઇન્દ્રિયોને જીતવી તે ઉપવાસ છે. એટલે ઇન્દ્રિયો મારામાં છે જ નહિ એમ જાણી ઇન્દ્રિયોનું લક્ષ છૂટી જવું તે ઉપવાસ છે. આત્મા

અતીન્દ્રિય છે. એનું જેને ભાન નથી તે આહારનો રાગ ઘટાડે તો શુભભાવ થાય પ
સાથે મિથ્યાત્વનું પાપ થાય છે. કેમકે એનાથી લાભ માને છે. ઉપદેશ સાંભળવો
ભગવાનના દર્શન કરવા તે પણ શુભભાવ છે. માટે તેના તરફનું પણ વલણ છૂ
જવું તેને ભગવાન ઉપવાસ કહે છે. વસ્તુસ્થિતિ આવી છે સર્વજ્ઞ ભગવાન મહાવિદેહ
બિરાજે છે અને અનંતા કેવળી ભગવંતો થઈ ગયા તે બધા એ એક જ માર્ગ ક
છે. બે હજાર વર્ષ પહેલાં આ સ્વામીકાર્તિકેય થઈ ગયા છે તે પોતે કહે છે
ઈન્દ્રિયોનું જીતવું તે ઉપવાસ છે. આત્મા ઈન્દ્રિયોને તો જીતી શકતો નથી પણ આત્
અખંડ જ્ઞાન સ્વભાવી છે તેની રુચિ અને વેદન થતાં પરની ઈચ્છા થતી જ નથ
તેણે ઈન્દ્રિયોને જીતી એમ કહેવાય છે.

આત્માના ભાન પૂર્વક ઈચ્છા તોડે તો સાચો ઉપવાસ છે. બાકી બધી લાંઘણ છે
જેના જેટલા દોકડા હોય એટલા અપાય, લીંબોળીને કાંઈ નિલમણિ કહેવાય નહીં, એ
ખોટા ઉપવાસ કરવાથી કાંઈ નિર્જરા કે આત્માની શાંતિ થાય નહિ. આત્માના ભા
સહિત મુનિ હોવાથી તેમને નિર્દોષ આહાર લેવાની ક્રિયા હોવા છતાં તે ઉપવાસી
એમ કહે છે. કેમકે આત્મા અનાહારી છે એનું લક્ષ તેમને છૂટતું નથી, અતીન્દ્રિય આનં
છૂટતો નથી. અલ્પ રાગ હોવા છતાં અંતર્મુખ વલણ છૂટતું નથી માટે તે ઉપવાસી છે
આ પ્રમાણે સમ્યગ્દષ્ટિને પણ આ વાત લાગુ પડે છે એમ સમજી લેવું. આત્મા આહાર
વ્યવહારે પણ લાવી-મૂકી કે ગ્રહી શકતો નથી. તેના તરફનો રાગ આત્માના સ્વભાવમ
નથી એવું જેને ભાન છે તે મુનિ ચોવીસ કલાકમાં એકવાર વસ્તીમાં જાય છે અને ઊભ
ઊભા હાથમાં નિર્દોષ આહાર લે છે. શુભ વિકલ્પ હોવાં છતાં અંતર્મગ્નતાની મુખ્યત
કદી છૂટતી નથી માટે ઉપવાસી છે.

આગળ અનશન તપની વિશેષ વ્યાખ્યા કરે છે.

जो मणइंदियविजई इहभवपरलोयसोक्खणिरवेक्खो ।
अप्पाणे वि य णिवसइ सज्झायपरायणो होदि ॥४४०॥

कम्माण णिज्जरट्ठं आहारं परिहरेइ लिलाए ।
एगदिणादिपमाणं तस्स तवं अणसणं होदि ॥४४१॥

અર્થ :–જે મન અને ઈન્દ્રિયોને જીતવાવાળો છે, આ ભવ પરભવના વિષય-સુખોમ
અપેક્ષા રહિત છે અર્થાત્ વાંચ્છા કરતો નથી, પોતાના આત્મસ્વરૂપમાં જ રહે છે વ
સ્વાધ્યાયમાં તત્પર છે તથા કર્મ નિર્જરા અર્થે ક્રીડા એટલે લીલામાત્ર ક્લેશ રહિત–હર્ષસહિત
એક દિવસની મર્યાદાપૂર્વક જે આહારને છોડે છે તેને અનશન તપ હોય છે.

સમ્યગ્દર્શનપૂર્વક મુનિપણાનું વર્ણન કરે છે; એની જેને ખબર નથી એ તો મિથ્યાદષ્ટિ છે. માટે આ જાણવાની ખાસ જરૂર છે. આઠ પાંખડીના કમળના આકારે છાતીમાં મન હોય છે. એનો સંગ મુનિને નથી, ભગવાન આત્મા અસંગ છે, તેમાં એકાગ્રતા વર્તે છે, એ ઉપવાસ છે. આનંદની ભાવનાવાળો સુખામૃતનો સ્વાદી છે એવા મુનિને આ લોક અને પરલોકની ઈચ્છા હોતી નથી, આવો મુનિમાર્ગ અને ઉપવાસનું સ્વરૂપ છે એને ઓળખવું જોઈએ. સર્વજ્ઞે કહેલા સંતોનો માર્ગ દુર્લભ છે. અત્યારે તો એવા સંતો દેખાવા દુર્લભ થઈ પડ્યા છે. એટલું જ નહિ પણ સાંભળવા પણ દુર્લભ છે. સાચા મુનિ ક્યાંય દેખાતા નથી, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની જાત આવી છે. જેમ વાત હોય તેમ થાય. મુનિ મુખ્યત્વે આત્મામાં લીન હોય છે. જ્યારે રાગ હોય ત્યારે સ્વાધ્યાયમાં રહે છે. મુનિ તો જંગલમાં વસે છે. સ્ત્રીને મુનિપણું હોતું જ નથી. આજ માનો કાલ માનો કે અનંતભવે માનો પણ આ માન્યા વિના છૂટકો નથી. સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં આ માર્ગ આવ્યો છે તેથી સમજ્યે છૂટકો છે.

મુનિ સર્વજ્ઞના શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. મિથ્યાદષ્ટિના બનાવેલા શાસ્ત્રો વાંચે નહિ. પરંપરાએ સંતોએ કહેલાં શાસ્ત્રોનો, આત્મામાં લીન ન રહી શકે ત્યારે સ્વાધ્યાય કરે છે અને ધ્યાનમાં રહે છે. મુનિના ઉપવાસ આનંદ અને લહેરમાં થાય છે, રમતમાત્રમાં ઉપવાસનો કાળ જાય છે. કાળ કેમ ગયો એની ખબર પડતી નથી, આનંદ આનંદ કરતો ઉપવાસનો કાળ જાય છે. વીતરાગે કહેલા માર્ગની આવી પદ્ધતિ છે. માત્ર આહાર છોડી દેવો એ કાંઈ ઉપવાસનું કે કાંઈ મુનિપણાનું સ્વરૂપ નથી. વેપારી દુકાને બેઠો હોય તેને કમાણી થતી હોય તો તેના રસમાં એક ટંક ખાવાનું પણ ભૂલી જાય છે, તેમ આત્માના આનંદની પેદાશમાં મુનિને આહારની ઈચ્છા જ થતી નથી તે ઉપવાસ છે. મુનિને ઉપવાસમાં જરાયે ખેદ કે ક્લેશ નથી, રમતમાત્રમાં આનંદથી વખત પસાર કરે છે. સ્વભાવદષ્ટિની રમતમાં તેમને ક્લેશ થતો નથી, આનું નામ અનશન તપ છે.

ભાવાર્થ :–ઉપવાસનો અર્થ એવો થાય કે ઈન્દ્રિય તથા મન, વિષયોમાં પ્રવૃતિ રહિત થઈને આત્મામાં રહે તે ઉપવાસ છે. આ લોક પરલોક સંબંધી વિષયોની ઈચ્છા ન કરવી તે ઈન્દ્રિયજય છે તથા આત્મસ્વરૂપમાં લીન રહેવું વા શાસ્ત્રના અભ્યાસ–સ્વાધ્યાયમાં મન લગાવવું એ ઉપવાસમાં પ્રધાન છે. વળી જેમ ક્લેશ ન ઉપજે એવી રીતે ક્રિયામાત્રપણે એક દિવસની મર્યાદારૂપ આહારનો ત્યાગ કરવો. એ પ્રમાણે ઉપવાસ નામનું અનશન તપ થાય છે.

[ક્રમશઃ]

## સુવર્ણપુરી સમાચારઃ-

–તંત્રી

તા.૧૧-૧-૯૬

અધ્યાત્મક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત–ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : **શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન**

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : **પુરુષો માટે શિક્ષણવર્ગ**

બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : **શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન**

બપોરે ૪-૧૫ થી ૪-૩૦ : **પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ**

બપોરે ૪-૩૦ થી ૫-૧૫ : **જિનેન્દ્રભક્તિ**

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : **પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી ઈષ્ટોપદેશ' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન**

❀ નાતાલ વેકેશનનો—તા. ૨૪-૧૨-૯૫ થી તા. ૨-૧-૯૬નો—દસ દિવસીય શિક્ષણવર્ગ સુચારુરૂપે ચાલ્યો હતો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુલાલભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી પ્રવચનસાર ગાથા ૮ થી ૧૦ તથા ગાથા ૯૮ થી ૧૦૧ ઉપર અને બપોરે શ્રી સમયસાર ગાથા ૬ થી ૧૨ ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈએ સવારે શ્રી જૈનસિદ્ધાન્ત-પ્રશ્નોત્તરમાળા ઉપર અને બપોરે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર આપ્યું હતું. શિક્ષણનો લાભ લેવા બહારગામથી ઘણા મુમુક્ષુઓ આવ્યા હતા.

❀ **શ્રી ઋષભનિર્વાણદિન** :– પોષ વદ-૧૪, શુક્રવાર, તા. ૧૯-૧-૯૬ના રોજ પરમપૂજ્ય ૧૦૦૮ આદિનાથ ભગવાનના વીતરાગભાવવાહી વિશાળ જિનબિમ્બ સમક્ષ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી ઋષભ-નિર્વાણ-વાર્ષિકપર્વ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

❀ વિક્રમ સંવત ૧૯૯૭માં પંચકલ્યાણક-મહોત્સવ-પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની વાર્ષિક-તિથિ,–માઘ વદી ૯, મંગળવાર તા. ૧૩-૨-૯૬ થી ફાગણ સુદ-૨, મંગળવાર તા. ૨૦-૨-૯૬ આઠ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાનોપાસના, 'વીસ-વિહરમાન જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

## ❀ ચરણચિહ્ન પ્રતિષ્ઠા તેમ જ ગુરુપ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સંસ્થાપન ❀

મધ્યપ્રદેશના ખંડવા શહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના પુનીત ધર્મોપકાર-પ્રતાપે, પૂજ્ય ગુરુદેવશ્રીકાનજીસ્વામીભક્તગણનિર્માપિત શ્રી આદિનાથ દિ. જિનમંદિરમાં, ભગવાન મહાવીરસ્વામી તેમ જ શ્રી કુંદકુંદાચાર્યદેવ ઇત્યાદિ અનેક પ્રમુખ આચાર્યોના પવિત્ર ચરણચિહ્નની પ્રતિષ્ઠા તથા શ્રી કુંદકુંદકહાન દિ. જૈન સ્વ'ધ્યાય હોલમાં 'કહાનગુરુ-પ્રતિકૃતિ સંસ્થાપન'નું ભવ્ય આયોજન, તા. ૩૧-૧-૯૬ બુધવારથી તા. ૨-૨-૯૬—ત્રણ દિવસનું ત્યાંના દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી આયોજિત કરવામાં આવ્યું છે. તેઓના તરફથી સમસ્ત દિ. જૈન મુમુક્ષુસમાજને આ મંગળ ઉત્સવ પર ખંડવા પધારવા માટે ધર્મસ્નેહપૂર્વક હાર્દિક આમંત્રણ છે.

## ❀ પૂજ્ય બહેનશ્રીની ૬૪મી સમ્યક્‌જયંતી ❀

પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૪મી કલ્યાણી 'સમ્યક્‌જયંતી' આધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આગામી ફાગણ વદ-૫, રવિવાર, તા. ૧૦-૩-૯૬ થી ફાગણ વદ ૧૦, ગુરુવાર, તા. ૧૪-૩-૯૬—પાંચ દિવસ સુધી જામનગરનિવાસી શ્રી દોલતરાય માણેકચંદ મહેતા—પરિવાર (હસ્તે શ્રી પુષ્પાબેન, શ્રી મહેશભાઈ તથા શ્રી જયેશભાઈ મહેતા) તરફથી અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે. વિશેષ જાણકારી આગામી અંકમાં.

## પાત્રતા

આ સાંભળવામાં પહેલી પાત્રતા જોઈએ. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા ૭૪મા કહ્યું છે કે જિનવાણી સાંભળવાની પાત્રતામાં ત્રસનો ખોરાક ન હોય. મધ, મદિરા, બે ઘડી પછીનું માખણ, માંસ તથા પાંચ ઉદંબર ફળનો ખોરાક ન હોય. એવો ખોરાક હોય તે તો આ વાત સાંભળવાને પણ પાત્ર નથી. ખરેખર તો રાત્રિ ભોજનમાં પણ ત્રસ હોય છે. ત્રસનો ખોરાક આ સાંભળનારને ન હોય ભાઈ! રાત્રિનો ખોરાક પણ હોય નહીં ભાઈ! જેમાં ત્રસ મરે એવો માંસ જેવો ખોરાક આવું સાંભળનારને ન હોય ભાઈ! આ તત્ત્વને સાંભળવાને તું લાયક હોય તો ભાઈ! જેમાં ત્રસની ઉત્પત્તિ હોય તે ખોરાક ન હોય. ત્રસ ઉત્પન્ન થાય એવા અથાણા આદિ પણ ન હોય. જેને ઇન્દ્રો સાંભળે એવી પરમાત્માની આવી ઉત્કૃષ્ટ વાણી સાંભળનારને ત્રસની ઉત્પત્તિનો ખોરાક ન હોય. વાતો મોટી મોટી કરે ને ત્રસનો ખોરાક હોય અરેરે! ભલે તે ધર્મ નથી, તે હેય છે, પણ આ સાંભળનારને ત્રસનો ખોરાક ન હોય; એ પહેલાંમાં પહેલી પાત્રતા છે તેમ પુરુષાર્થસિદ્ધિ-ઉપાયની ગાથા ૬૧ તથા ૭૪મા કહ્યું છે. —*પૂજ્ય ગુરુદેવશ્રી*

## વૈરાગ્ય સમાચાર:—

★ બડી સાદડી નિવાસી (હાલ અમદાવાદ) શ્રી સુજાનલાલ મોદી (વર્ષ-૯૯) તા. ૬-૮-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ વખતે તેઓએ વરસો સુધી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તેઓ વાંચનકાર પણ હતા.

★ કલોલ નિવાસી સ્વ. શ્રી આત્મારામભાઈ ડાહ્યાભાઈ શાહના સુપુત્ર શ્રી જયંતીલાલ શાહ (વર્ષ-૭૦), શિખરજીની યાત્રા કરીને આવ્યા તે જ દિવસે સ્વર્ગવાસ પામ્યા છે.

★ વિંછીયા નિવાસી (હાલ મુલુન્ડ) સ્વ. શ્રી શાંતિલાલ પાનાચંદ ડગલીના ધર્મપત્ની શ્રી સવિતાબેન (વર્ષ-૮૫) તા. ૨-૧૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ કાનાતળાવ નિવાસી રળિયાતબેન ભીમજીભાઈ સીંગાળા (વર્ષ-૬૬) તા. ૧૫-૧૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ જામનગરનિવાસી (હાલ ભાવનગર) શ્રી છબલબેન ફુલચંદ તંબોળી (વર્ષ-૯૩) તા. ૨૧-૧૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.તેઓએ વરસો સુધી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો તેમ જ પૂજ્ય બહેનશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વજિજ્ઞાસુ અને દેવ-ગુરુ-ધર્મની ભક્તિવાળા હતા.

★ લાઠીનિવાસી (હાલ કાંદીવલી) શ્રી મનહરલાલ છોટાલાલ ભાયાણીના પૌત્ર (વર્ષ-૧।।) તા. ૨૧-૧૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ—અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* * *

હે પ્રાણી–! તું નિરર્થક પ્રમાદદશાને પ્રાપ્ત ન થા–! અનન્ય સુખના હેતુભૂત સમભાવને પ્રાપ્ત થા–! તને એ ધનાદિથી શું પ્રયોજન છે–? એ ધનાદિ આશારૂપ અગ્નિને પ્રજ્વલિત કરવામાં ઈંધનની ગરજ સારે છે. નિરંતર પાપકર્મ ઉત્પન્ન કરાવવાવાળા આ સંબંધીજનોથી પણ તને શા માટે મમત્વ રહ્યાં કરે છે–? મહા મોહરૂપ સર્પના બીલ સમાન તારો આ દેહ, તેથી પણ તને શું પ્રયોજન છે–? નિરર્થક પ્રમાદી થઈ રાગાદિ મહા દુઃખરૂપ ભાવોને ન ધરતાં સુખના અર્થે કેવળ એક સમભાવને જ પ્રાપ્ત થા. *(શ્રી આત્માનુશાસન)*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

* સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૧૫.

* જેવું સિદ્ધાલય છે એવું જ દેહાલય છે. દેહદેવળમાં અખંડ આનંદરસની કાતળી પૂર્ણાનંદથી ભરેલ ભગવાન બિરાજે છે. સિદ્ધદશા તો એક સમયની પર્યાય છે અને સિદ્ધસ્વભાવ તો એવી અનંતી પર્યાયનો પિંડ છે. એ દેહાલયમાં સ્થિત સિદ્ધસ્વભાવનું ધ્યાન કરવા યોગ્ય છે. વંદન-સ્તુતિ કરવાયોગ્ય જે ગણધરાદિ છે તે પણ જેમને વંદન-સ્તવનાદિ કરે છે એવા શુદ્ધાત્માનું હે જીવ! તું ધ્યાન કર; સિદ્ધ પરમાત્મા અને દેહમાં સ્થિત પોતાના આત્મામાં ભેદ ન પાડ. ૧૬.

* શ્રોતા:—આ આત્મા ભગવાનની જાતનો જ છે ને?

પૂજ્ય ગુરુદેવ:—ઈ ભગવાન જ છે, ભગવાનની જાતનો શું? ભગવાન જ છે.

શ્રોતા:—સાહેબ! આપે તો ભગવાન બનાવી દીધો!

પૂજ્ય ગુરુદેવ:—બનાવ્યો નથી, ઈ ભગવાન જ છે. ભગવાન છે એમ બતાવ્યો છે. ૧૭.

* ભાઈ! તું વિશ્વાસ લાવ!—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. ૧૮.

* * *

## ❁ પ્રથમથી જ શુદ્ધતા ❁

સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં ભેદ કઈ નયથી જાણું?—એમ કહીને નિયમસારમાં વ્યવહારનયની તુચ્છતા બતાવી છે, વ્યવહારનયની કાંઈ ગણતરી જ કરી નથી. અરે પ્રભુ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું?—વ્યવહારનયથી...પણ વ્યવહાર કાંઈ ગણતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું? કઈ નયથી ફેર પાડું? વ્યવહારનયની તો ગણતરી જ નથી.

— *પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૧૮/-
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂ. ૧૯૮/- પોસ્ટેજના અલગ]

A ૧૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ શાહ
"આનંદ મંગલમ" વાસણના વેપારી,
વડોદરા